PASSAGES for TRANSLATION

(FOR STDS. VI, VII)

WITH NOTES

By

P. N. SHAH, M

Printed at the Diamond Jubilee Printing Press by
Sureshchandra Popatlal Parikh, Salapose Road, Ahmedabad

...ished by
... Jeychan...
for Jeychand ...alakshi & Sons,
EMPIRE BUILDING, FORT, BOMBAY.

Third Edition] [1939.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

Chapter XI
Passages for Translation
[Std. VI]

1. તેઓ ગયા કેડે કેટલીએક વાર હું ભયભીત થયેલો ત્યાં બેઠો. જેણીમેર જોઉં તેણીમેર બીક લાગે ને હરકત જણાય. મારી આસપાસ અઘોર વન ઘણા ગાઉ સુધી હતું. ત્યાં ફાડી ખાનારાં જનાવર ઘણાં વસતાં હતાં. ને જનાવરો કરતાં વધારે જંગલી માણસ ત્યાં રહેતાં. વળી તે દહાડે ભર ચોમાસું ચાલતું હતું. એ બધી વાતનો વિચાર કર્યો, ત્યારે હું એકલો તેથી મેં હિંમત છોડવા માંડી. મને લાગ્યું કે હવે મારૂં આવી બન્યું. અહિં મરવા સિવાય બીજો ઉપાય નથી. એ વેળા મેં વિચાર્યું કે હું આ વગડામાં છું, વળી પરદેશી છું, તોપણ જગત્કર્તા મારૂં રક્ષણ કરશે. આવા દુઃખના દરિયામાં ડૂબ્યો છતાં ત્યાં ઘણીજ સુંદર લીલ ઉગી હતી તે પર મારી નજર ગઈ. આ વાત લખવાનું કારણ એ છે કે કેવી જુજ વાત પરથી મનને દિલાસો મળે છે. તે લીલ મારાં આંગળાં કરતાં મોટી નહોતી, તોપણ તે એવી નાજુક અને ખૂબસુરત હતી કે તેથી હું બહુ આશ્ચર્ય પામ્યો. મેં વિચાર્યું કે જે આવી જુજ વસ્તુને આવા વગડામાં રોપી પાણી પાઈને સંભાળે છે, ને આવી સંપૂર્ણ કરે છે, તે મારા જેવા મોટા જીવની ફિકર રાખ્યા વિના રહેશે નહિ. શું તેને મારાપર દયા નહિ આવે? ના, આવશે. આવા વિચારથી મને હિંમત આવી. હું ત્યાંથી ઊઠયો, ને ભૂખ કે થાકની દરકાર રાખ્યા વિના આગળ ચાલ્યો, ને મનમાં નક્કી ભરોસો રાખ્યો કે મને મદદ મળશે. ખરે મારી ઉમેદ બર આવી!

2. સર આઇઝેક ન્યુટનની વિદ્વત્તા અને મળતાવડા સ્વભાવને લીધે તેનો સમાગમ લોકો ખુશીથી શોધતા આવતા. તે વખતનો એવો નિયમિત ઉપયોગ કરતો કે લોકો મળવા આવતા ત્યારે કદીપણ તે કાયર થતો નહિ. વહેલાં ઊઠી નિયમપૂર્વક કામ કરવાથી તેને હંમેશ વાંચવાનો અને ગ્રન્થ રચવાનો અવકાશ મળતો. એક વખત

તે બહાર ગયો હતો ત્યારે તેના વ્હાલા કૂતરા ડાયમંડે મીણબત્તી ઊંધી વાળી મેજ પર મૂકેલા કિમતી કાગળો બાળી મૂક્યા. આ વાતની ખબર પડી ત્યારે તેના પર ગુસ્સે થઈ મારવાને બદલે તેણે કહ્યું, રે ડાયમંડ, ડાયમંડ, તેં કેવી ખરાબી કરી છે તેની તને સમજ નથી. એ ઉપરથી જણાય છે કે તેનામાં ખામોશ ઘણી હતી. જ્ઞાની છતાં તે એવો તો નમ્ર હતો કે મહાસાગરને કિનારે એક બાળક કાંકરા એકઠા કરતો હોય, અને સત્યરૂપી સમુદ્રનું સંશોધન કરવાનું તો હજી બાકી હોય, એવી પોતાની સ્થિતિ છે, એમ તેને લાગતું હતું.

3. રાજા ભૂવડ અતિ શૂરો અને અકલમંદ છતાં ખુશામતીઆથી છેતરાઈ જતો. આપસ્તુતિ તેને બહુ ગમતી, ને પોતાનાં વખાણ કરનારા ઉપર રાજી થઈ તેમને વસ્ત્રાભૂષણ, ઘોડા, ગામાદિક દેતો ને તેમના ભરોસા ઉપર રહેતો. એથી ગુણની પરીક્ષા યથાયોગ્ય થતી નહિ. ખરાં ખોટાં વખાણની તેનામાં પરખ નહતી તેથી મતલબીઆ માણસો તેને ઠગતા. આ ખોડથી ઘણા રાજાઓની ખરાબી થાય છે. પણ ભૂવડને સુભાગ્યે એવો સંજોગ હતો કે તેના મંત્રીઓ અને સુભટો પ્રામાણિક અને નિમકહલાલ હતા. એમ છતાં રાજાને આંધળા પાટા બાંધવાની તેમને જરૂર પડતી. સોલંકી સેનાને દૂરના દેશમાં વખતે ફતેહ મળતી નહિ, કે કોઈ રાજાને જીતાતો નહિ, ત્યારે તે વાતના ખરા સમાચાર કલ્યાણીપતિને તેઓ જાહેર કરતા નહિ. વાત છાની રાખવાની જરૂર પડતી એટલુંજ નહિ પણ કોઈ સમે જય મેળવ્યાની જૂઠી ખબર કહેતા. ભૂવડ ફૂલણજી હતો. જેમ ધનનો અને રાજ્યનો લોભી હતો તેમજ કીર્તિનો ભૂખ્યો હતો. સત્ય કહેનાર કરતાં એ ખુશી થાય તેવું કહેનારને એની મહેરબાનીથી વધારે લાભ થતો. એના પંડના પ્રતાપે કરીને એની કારકીર્દીમાં તો ઠીક ચાલ્યું અને જશ મળ્યો, પણ કપટ અને જૂઠાણાની આદત એના દરબારી નોકર ચાકરોને પડી તેથી એના નબળા વંશજોની પડતી થઇ. જૂઠની જોડે કુસંપાદિક દુર્ગુણે પ્રવેશ કર્યો અને તેથી એના મરણ પછી કામ બગડ્યું.

4. કેટલાક એમ સમજેછે કે બહુ ખાધાથી જાડા અને મજબુત થવાય; પણ આ સમજણ ખોટી છે. ખોરાક પચે એના પ્રમાણમાંજ લોહી થાય, એના પ્રમાણમાંજ જોર આવે. અપચો થવાથી શરીરનો સાંચો બગડે છે અને માંદા પડાય છે. તેમજ બી બીને છેક થોડું ખાવું એ પણ ભૂલ છે. એમ કરવાથી શરીર શોષાય છે અને નિર્બલ થાય છે. જેટલું ખાધાથી શરીર સ્ફુર્તિમાં રહે અને ખાધાનો સંતોષ થાય એટલુંજ ખાવું. આ પ્રમાણે રિવાજ રાખશો એટલે તમારા શરીરને સાધારણ રીતે કેટલા ખોરાકની જરૂર છે એ સમજાઇ જશે, અને પછીથી એની મેળે જોઈતો ખોરાક લેવાની ટેવ પડશે. કેટલાક લોક પોતાના ધર્મમાં બતાવેલા ઉપવાસ કરેછે; એમાં પણ હદ બહાર ન જતાં મધ્યમસર રહેવાય તો ખોટું નથી. એથી ખોરાક વગર કેટલોક વખત ચલાવી લેવાની શરીરને ટેવ પડે છે, અને એ રીતે શરીર કસાયછે.

કેટલાક લોક હદ ઉપરાંત ઘી અને ખાંડનાં જમણ જમેછે. ઘી ખાંડ મધ્યમસર માપમાં ગુણકારી છે. પણ મિષ્ટાન્ન મળ્યાં એટલે તો અકરાંતીઆ થઇ બે ત્રણ ટંકનું એકઠું ખૂબ ખાઇ લેવું એ ભૂલ છે.

પીવાની ચીજમાં પણ નિયમ રાખવો જોઈએ. ઇશ્વરે દૂધ પાણી વગેરે જે પ્રવાહી પદાર્થો માણસના ઉપયોગ માટે કર્યાં છે, એ સર્વનો જોઈતો ઉપયોગ કરવો. પરંતુ દારૂ વગેરે કેફી પદાર્થનો તો સ્વપ્ને પણ સંગ ન કરવો.

5. માધવે આ સઘળી વાત ઘણું મન દઇને સાંભળી. જો બને તો તે પ્રમાણે કરી લોકોની પ્રીતિ સંપાદન કરવી એ તેની મુખ્ય મતલબ હતી. માધવનું પ્રધાનપણું કાંઇ તેના બાપદાદાથી ઊતરેલું ન હતું. તે કોઇ ગરીબ માણસનો છોકરો વડનગર શહેરમાં જન્મ્યો હતો, અને તેની ઉમર સોળ વરસની થઇ ત્યારે તે ધંધો શોધવાને પાટણમાં આવ્યો હતો. પહેલાં તો લશ્કરના સિપાઈઓના પગાર વહેંચવા ઉપર કારકુન રહ્યો. ત્યાં ચાલાકી, હોંશિયારી તથા ઇમાનદારી

બતાવી તે ઉપરથી તેને કોઠારીની જગા મળી. ધીમે ધીમે તે સારંગદેવ રાજાનો માનીતો થઇ પડયો. સારંગદેવ મરી ગયો ત્યારે તેના છોકરાઓ વચ્ચે ગાદીને માટે તકરાર પડી તેમાં માધવની હોંશિયારી તથા કાવત્રાથી કરણનો રાજ્યાભિષેક થયો. તે દિવસથી માધવના ભાગ્યનો ઉદય થયો; અને કરણ રાજાએ ગાદી ઉપર નિર્ભય થતાંજ માધવને મુખ્ય પ્રધાનપદ આપ્યું. દરેક રાજ્યમાં મુખ્ય પ્રધાનની પદવી ઘણી ભારે તથા જોખમભરેલી હોય છે. રાજા તથા રૈયત બન્નેને એકી વખતે ખુશ કરવાનું કામ હંમેશાં મુશ્કેલ થઈ પડે છે. માધવ તે સઘળું સમજતો હતો. તેને લોકોમાં વ્હાલા થવાની તથા પોતાનું નામ, લોકોને વાસ્તે સારાં તથા ઉપયોગી કામો કરી, અમર કરી લેવાની ઘણી હોંશ હતી. તોપણ રાજાની મહેરબાની તેજ તેના અધિકારનો પાયો છે એમ તે સારી પેઠે જાણતો હતો. તેથી ગમે તે પ્રકારે રાજાને રાજી રાખવાનો તેણે દૃઢ નિશ્ચય કીધો હતો. આગલા રાજાઓમાંના કેટલાએકના પ્રધાન વાણિયા હતા. તેથી તે લોકો માનતા હતા કે માધવને પ્રધાનપદ મળ્યાથી તેમનો હક્ક ખોટો થયો. માટે હરેક પ્રસંગે રાજાની આગળ માધવની તેઓ ચાડી કરતા હતા. તેની સામે માધવને ઘણી યુક્તિઓ કરવી પડતી હતી.

6. ઉપર થયેલી સઘળી વાત ઉપર વિચાર કરતો કરતો ઘણી ઉદાસ વૃત્તિમાં માધવ પોતાના તંબુ ઉપર જતો હતો. તેણે ત્યાં જઈ સુવાને ઘણાં ફાંફાં માર્યાં, પણ નિદ્રાદેવીએ તેના ઉપર મહેરબાની કીધી નહિ. તે બિછાના ઉપર પછાડા મારવા લાગ્યો અને તેની આખી જીંદગીનું ચિત્ર એક તખ્તા ઉપર ચિતરાઇને તેની આંખ આગળ આવ્યું. તેને પોતાનાં માબાપ યાદ આવ્યાં; તેની જુવાની થતાં જે જે ઉમેદ તેના મનમાં આવી હતી, તથા જે જે શેખચલ્લીના વિચાર તેણે કીધા હતા તે સઘળા એક પછી એક તેના સ્મરણસ્થાનમાંથી નીકળતા ગયા. તે પાટણમાં આવ્યો તે વખતે કેવો નિર્દોષ હતો અને આ વખતે તેના મનમાં કેટલા ઉલટાં સુલટાં

વિચાર હારબંધ આવતા, તથા કેવું ભયંકર તોફાન થઇ રહેલું હતું! જુવાનીનો રમણિક તથા આશાથી ભરપૂર વખત ગયો તે ફરીથી આવવાનો નથી. પાટણમાં થોડીવાર રહ્યા પછી તેની આશા સફળ થઈ ગઈ. તે દરજ્જે ચઢતો ગયો. અને છેલ્લી વારે કરણને ગાદીએ બેસાડીને તેનો મંત્રી થયો. એ સઘળું હમણાંજ બન્યું હોય એમ તેને જણાયું. પછી આફતો આવી પડી. પોતાની પદ્મિની જેવી સ્ત્રી રૂપસુંદરીને રાજા લઈ ગયો; તેનો નાનો ભાઇ કેશવ તે ગડબડાટમાં માર્યો ગયો; તેની ભાભી ગુણસુંદરી સતી થઈ; તથા તે પોતે પોતાનો હોદ્દો છોડી એક ચોરની પેઠે સંતાતો સંતાતો રાજ્ય છોડી ઘણાંએક સંકટો ભોગવી દિલ્હીમાં આવ્યો. દિલ્હીમાં જે બનાવ બન્યો તે, તેની પાદશાહ સાથે મુલાકાત, પાદશાહની ગૂજરાત જીતવાની કબુલત, એ સઘળું તેને એકદમ યાદ આવ્યું ત્યારે તેની છાતી ભરાઈ આવી, અને મનમાં એટલો તો ઉકળાટ થઈ આવ્યો કે આ વખતે એક નાના છોકરાની પેઠે મોટે અવાજે પુષ્કળ રડયો. પોતાના દેશ ઉપર મ્લેચ્છ લોકોને લઈ આવ્યો તેથી તેના મનમાંનું વેર તો તૃપ્ત થયું, પણ તેના અંતઃકરણમાં તેના આવા કામથી ઘણો પસ્તાવો થયા કરતો, તથા ઘણીજ શરમ લાગ્યા કરતી હતી.

7. દરવાનને થોડા પૈસા આપી દરવાજો ઉઘડાવ્યો, અને તે મેદાન ઉપર નીકળી ગયો. તે દહાડે શરદ મહીનાનો ચંદ્ર ખીલી રહ્યો હતો. આકાશ ઘણુંજ નિર્મળ હતું. ચાંદરણાથી બધું મેદાન રૂપેરી રંગનું હોય એમ દેખાતું હતું; તેમાં વચમાં વચમાં ઘાસ ઉગેલી લીલી જગા હતી તે ગૌરવર્ણની સ્ત્રીના હાથ ઉપર લીલમની વીંટીના જેવી માલૂમ પડતી હતી. તે ઠેકાણે કોઈ પ્રાણી નજરે પડતું ન હતું; પણ પાણીના ખાબોચિયામાંથી દેડકાઓ ડેંડુંડેંડું કરતા હતા. કંસારીઓ જગાએ જગાએ બંધ ન પડે એવો અવાજ કરતી હતી; અને કોઈ કોઈ ઠેકાણેથી સાપનો શબ્દ પણ સંભળાતો હતો. એવી રીતે રાત રમણિક લાગતી હતી. આગળ ચાલતાં તેઓ શ્મશાન પાસે આવી

પહોંચ્યા. ત્યાં ચાંદરણામાં ઝાડોની છાયાથી અંધારૂં પડતું હતું; અને શ્મશાન એ નામથીજ તે જગા ભયાનક લાગતી હતી. ત્યાં ઉભા રહીને રાજાએ દૂર નજર કીધી તો એક ઝાડ નીચે મોટું તાપણું તેના જોવામાં આવ્યું; અને તે બળતાંની આસપાસ કેટલાંએક બઇરાં કુંડાળું ફરતાં તેણે જોયાં. રાજાને તે તમાસો જોવાની ઘણી મરજી થઈ. તેની પાસે તલવાર તથા ખંજર હતાં તેથી તેના મનમાં બીક થોડી હતી. ખવાસ તો તે જોઈને ધ્રુજવા લાગ્યો, અને હાથ જોડી બોલ્યો, "મહારાજ એ તો કોઇ ડાકણી, યક્ષણી, પિશાચ, વંતરી, અથવા એવી કોઇ બાયડીઓ હશે. માટે તેઓની પાસે જવાથી કંઇ ફળ નથી." પણ કરણ એક વાત માથામાં લેતો તે કદી છોડતો નહિ, અને વળી બીહીને ત્યાં ન જવાથી રજપૂતની બહાદુરીને કલંક લાગે, માટે ગમે તે થાય તો પણ જવું એવો દૃઢ નિશ્ચય કરી તે આગળ ચાલ્યો.

8. દેશની આબાદીનો અને લોકોના સુખનો આધાર વિદ્યા ઉપર છે. માટે પોતાના દેશમાં જેમ બને તેમ વિદ્યા વધારવી, અને કોઇ પણ માણસ ભણ્યા વિનાનું રહે નહિ એવા ઉપાયો કરવા, તેનું નામ સ્વદેશપ્રેમ છે.

પોતાના દેશની દોલત વધે અને પોતાના દેશમાં કોઈ પણ માણસ ભિખારી રહે નહિ, એવા ઉપાયો કરવા અને એવાં ભલાં કામોમાંજ જીંદગી ગાળવી તેનું નામ સ્વદેશપ્રેમ છે.

રાજ્યના કોઇ પણ અમલદારો તરફથી કે રાજ્યના કોઇ પણ કાયદાથી આપણા દેશના કોઇ પણ માણસને જરા પણ નુકશાન થાય નહિ, એવા કાયદેસર ઉપાયો કરવા, તેનું નામ સ્વદેશપ્રેમ છે.

આપણા અસલના ઇશ્વરીધર્મમાં પાછળથી જે ગોટાળા થયા હોય અને તેમાં જે વ્હેમો ધુસી ગયા હોય તે વ્હેમોને કાઢી નાખી, આપણો પવિત્ર ધર્મ જગતમાં સૌથી સારો છે, એમ સૌ લોકોની ખાત્રી થાય તેવા ઉપાયો કરવા, તેનું નામ સ્વદેશપ્રેમ છે.

આપણા દેશમાં હુન્નર કળા વધે, ધંધા રોજગાર વધે, નવી નવી જાતની શોધો થાય, નવી નવી ખાણો નીકળે અને આપણને જોઈતી ચીજો માટે આપણે પરદેશને આધારે રહેવું પડે નહિ પણ બધી ચીજો આપણા દેશમાંજ બની શકે એવા ઉપાયો કરવા, તેનું નામ સ્વદેશપ્રેમ છે.

9. ગુર્જર દરબારમાં આ સમે કવિ શંકર બારોટ નામે મોટો પંડિત હતો. પિંગળશાસ્ત્ર તેની જીભને ટેરવે હતું. સંસ્કૃત અને પ્રાકૃત કવિતાના મુખ્ય ગ્રંથો તેને મ્હોડે હતા. શીઘ્ર કવિતા રચવામાં ઘણો કુશળ હોઈ તે મહારાજનું મન રંજન કરતો. રાજાના માનીતા પંડિતોમાં એ ગણાતો. એક સમે દેશ દેશના વિદ્વાનોને ભેગા કરી મોટી સભામાં રાજાએ તેને કવિરાજની પદવી આપી. એ પદવી હીરે જડેલા સોનાના ચાંદ ઉપર એના નામની હેઠળ કોતરાવી તે ચાંદને મોતીના કંઠામાં પરોવી ભર સભામાં તેને પહેરાવ્યો. આ પદવી અને માનને તે લાયક હતો. તેનામાં સૌથી વખાણવા જોગ ગુણ એ હતો કે તે મોટો સ્વદેશાભિમાની હતો. ગુર્જરત્રાનું ભલું થાય, તેની ચડતી થાય, તેને મોટાઇ મળે એવા ઉપાય તન મન ને ધનથી કરતો. સ્વદેશ તેને બહુ વહાલો હતો. ગુજરાત આપણી મા છે, ને તેનો ધણી જસરાજ આપણો બાપ છે એવું તે પોતાના વિદ્યાર્થીઓને નિત્ય કહેતો. બાપથી મા વધારે વહાલી માટે માતાને પિતા નુકસાન કરે તો માતાનો પક્ષ કરવો એ તેનો બોધ હતો. આ બધા સારા ગુણો છતાં તે કાંઇક અવિચારી હતો; જરા ચડાઉ હતો. સ્વદેશાભિમાનના આવેશમાં તે વિવેકની મર્યાદા ભૂલી જતો. બીજા રાજાઓના દરબારમાં જઇ ગુજરાતની જમીન, ગુજરાતના લોક, ગુજરાતના રાજાધિરાજ જયશિખરીની સ્તુતિ એટલી અને એવી કરતો કે પરદેશી દરબારોને માઠું લાગે.

10. જે માણસમાં ખરો દેશાભિમાન છે તેની સમજ તથા વર્તણૂંક આથી બીલકુલ જૂદીજ છે. તે બડાઇને માટે પોતાના દેશની ઠાલી

પતરાજી કરતો નથી. તે પોતાના દેશની ખામીઓ તરફથી નજર દૂર કરવાને બદલે તેને અંતથી ખોળી કહાડે છે. પરદેશીઓનાં મ્હેણાં તેને બહુજ લાગે છે. પણ તેની જોડે તે સારૂ શબ્દયુદ્ધ મચાવવાને બદલે પોતાના મનમાં વિચાર કરે છે કે એ મ્હેણાનું કાંઇ વાસ્તવિક કારણ છે કે નહિ; અને જો કાંઇ યોગ્ય કારણ દીસેછે તો તે ખોડ બતાવનારની સાથે નકામી તારીમારી કરવાને બદલે તે ખોડ શી રીતે દૂર થાય તેના ઉપાયની યોજનામાં સદા તત્પર રહે છે. કદી પણ કોઇ કલંકનો તે ઢાંકપીછેડો કરવા ચાહતો નથી; પણ એથી ઉલટો કાંઇ કલંક જાહેર થાય છે ત્યારે મનમાં પ્રસન્ન થાય છે કે ઠીક થયું, હવે એ ટાળવાનો આપણને પ્રસંગ મળશે. એને પોતાના દેશનો અભિમાન થોડો છે એમ નથી. એને જેટલો એ વિષે અભિમાન છે તેટલો તો બીજા કોઇને પણ નથી. પોતાના દેશનું ઘસાતું સાંભળીને એના કલેજામાં જેટલો ઊંડો ઘા પડે છે તેટલો કોઈના પણ કલેજામાં પડતો નથી. પોતાના દેશની વાહવાહ સાંભળીને એનું મન જેટલું પ્રફુલ્લિત થાય છે તેટલું કોઇનું પણ થતું નથી. એને પોતાના દેશનો બહુજ અભિમાન છે, પણ તેની સાથે તે વ્યાજબી, ડાહ્યો, અને પરિણામે લાભકારક અભિમાન છે. તે પોતાના દેશને અભિમાન યોગ્ય જોવાને બહુ ખંતી છે. તે પોતાની જાતનો જેમ ખોટો અભિમાન રાખતો નથી તેમ તેને પોતાના દેશની ઠાલી પતરાજી કરવી ગમતી નથી. તે જાતે માનને યોગ્ય થવાને મથેછે, અને પોતાનો દેશ પણ માનને યોગ્ય થાય એમ નિરંતર ઇચ્છેછે. ખોટું માન તે જાતે અપમાન સમજેછે, અને તેથી પોતાના દેશને સારૂ ખોટા માનનો કદિ પણ દાવો નથી કરતો.

11. આપણા દેશની સ્ત્રીઓમાં કેળવણી વધે, તેઓના હૈયામાં હેત વધે, તેઓ વ્હેમોની જાળમાંથી છુટે, તેઓ આપણા સુધારા વધારામાં આપણને મદદ કરી શકે, તેઓને બિમારોની સારવાર કરતાં આવડે, તેઓને સારામાં સારી રસોઈ બનાવતાં આવડે, તેઓને હાલના

વખતમાં જોઈએ તેવું છુટાપણું વધે, તેઓમાં પોતાના કુટુંબ ઉપરનું હેત વધે, તેઓને સારામાં સારી રીતે પોતાનાં છોકરાંઓ કેળવતાં આવડે અને આપણા ઊંચી જાતના આચાર વિચારમાં તથા આપણા દેશને મદદ કરવાનાં ભલાં કામમાં તેઓ ભાગ લઇ શકે, એવા તેઓને માટેના યત્નો કરવા તેનું નામ સ્વદેશપ્રેમ છે.

આપણા દેશમાં કોઇ પણ માણસ આળસુ રહે નહિ, કોઈપણ માણસ ધંધા રોજગાર વિનાનો રહે નહિ, કોઇ પણ માણસ ભૂખ્યો મરી જાય નહિ, કોઈપણ માણસની ઈશ્વરે આપેલી મોટી શકિતઓ દબાઇ જાય નહિ, કોઈ પણ માણસને આગળ વધવા માટે કોઇપણ જાતની વાજબી મદદ જોઇતી હોય તો જરૂરને વખતે તેને તેવી મદદ મળી શકે, અને ધર્મની બાબતમાં, પ્રજાના હકની બાબતમાં, નીતિની બાબતમાં, તથા ઘરસંસારની બાબતમાં, માણસો પોતાની સ્વતંત્રતા જાળવી શકે, તથા રાજકારભારમાં પોતાનો મત આપી શકે એવા ઉપાયો કરવા, તેનું નામ સ્વદેશપ્રેમ છે.

12. માણસનું મન કેવું ચંચળ તથા અનિશ્ચિત છે! જ્યાંસુધી તેને કાંઈ વસ્તુ મળી નથી ત્યાંસુધી તેના ઉપર તેનો અતિ ઘણો મોહ રહે છે; અને તે તેને મેળવવાને તન, મન અને ધન સઘળું અર્પણ કરવાને તૈયાર થાય છે; અને મળ્યા પછી કેવું જતન કરી તેનો કેવો ઉપભોગ કરીશ, તે વિના મારાથી એક ઘડી પણ જીવાશે નહિ, અને આટલા દહાડા તે વગર ચાલ્યું એ કેવું આશ્ચર્ય એવા અનેક વિચાર કરે છે. પણ તે એકવાર મળી એટલે તે તુચ્છ જેવી તેને દેખાય છે, તેની કિમ્મત પાણીના રેલાની પેઠે ઉતરી જાય છે, અને જે આઘેથી હીરો દેખાતો હતો તે પાસે આવવાથી એક કાચનો કડકો ઠર્યો તેથી તે બીજી નકામી વસ્તુઓમાં ભળી જાય છે, અને જેમ એક નાનું છોકરૂં રડીને એક રમકડું લે છે, અને તે મૂકી બીજાને લેવાનું કરે છે, તેમ તેનું મન તે વાત ઉપરથી બીજી નવી વાત ઉપર દોડે છે. એ પ્રમાણે ફોકટ શ્રમ કરવામાં તેનું આખું આયુષ્ય વહી

જાય છે, અને જે સુખ મેળવવાને તે તેનો અમૂલ્ય અવતાર અર્પણ કરે છે તે સુખ ભૂતના તાપણાની પેઠે આધુંને આધુંજ જતું જાય છે.

13. ખાદીની સૌથી બળવાન અસર પ્રજાના મન ઉપર થઈ છે. શહેર અને ગામડાંની વચ્ચેનું અંતર ભાંગવામાં ખાદીએ કંઈક સફળ પ્રયત્ન કર્યો. ભણેલા, મધ્યમવર્ગ અને ખેડુતોની વચ્ચેનું અંતર તેણે તોડયું. પહેરનાર તેમજ જોનારની ઉપર પહેરવેષની ભારે અસર થાય છે, અને સાદી ધોળી ખાદીને મધ્યમ વર્ગે અપનાવવાના પરિણામે સાદાઈ વધી, અને મિથ્યા ડોળ અને ભપકો ઘટયા, અને આમવર્ગ સાથે એકતાની ભાવના કેળવાઈ. કપડાંની બાબતમાં નીચલા મધ્યમ વર્ગે ધનિક લોકોનું અનુકરણ કરવાનો પ્રયત્ન કે પોતાનાં સસ્તાં કપડાંથી ઉત્પન્ન થતી શરમની લાગણી છોડી દીધી. એટલુંજ નહિ, ઉલટું, જેઓ હજુ રેશમ અને સાટીનનો મિથ્યાડંબર કરતા, તેના કરતાં તેઓ પોતાને વધારે ઠાવકા અને કંઈક શ્રેષ્ઠ પણ માનવા લાગ્યા. તદ્દન ગરીબ વર્ગને પણ કેટલેક અંશે આ ઠાવકાઈ અને સ્વાભિમાન લાગવા માંડયાં. ખાદી પહેરેલા મોટા મેળાવડામાં ગરીબ અને તવંગરને વરતવાનું કારણ ગયું; અને તેથી બંધુત્વની ભાવના ખીલી. મહાસભાને આમલોકો પર્યંત પહોંચાડવામાં ખાદી મદદગાર થઈ એમાં શંકાજ નથી. રાષ્ટ્રની મુક્તિનો એ માન્ય લેબાસ બન્યો.

14. પણ બધો વખત ફરી ગયો. હાલ એમાંનું કંઈ રહ્યું નથી. કીર્તિને ઠેકાણે જ્યાં ત્યાં તેની અપકીર્તિ થાય છે. લોકો પુરુષાર્થ ખોઈ બેઠા છે. જગતમાં વહેમી અને મૂર્ખની છાપ પડી છે. લક્ષ્મીએ યુરોપમાં વાસ કીધો છે, અને તેને ઠેકાણે આપણા દેશમાં નિર્ધનતાની આણ ચાલવા લાગી છે. આ સમયે ખોટું અભિમાન રાખવા જેવું બીજું કાંઈ ખોટું નથી.

આ સમયે ખામીઓને છુપાવી મોઢેથી બડાઈ મારવી એના જેવું દેશદ્રોહનું બીજું કાંઈ કામ નથી. રોગી માણસને નીરોગી માની લેવાથી કદિ પણ તે જીવે એમ આશા રાખવી નહિ જોઈએ.

એ સમયે ખરા મિત્રનું તો એ કામ છે કે એ રોગને જોવો, ઓળખવો, અને ઘટતો ઉપાય કરવો. એ ઉપાય કદાપિ અણગમતો હોય, કદાપિ ઓસડ કડવું હોય, અને તેથી તે દરદી ન માનતો હોય, તો તેને પકડી બળાત્કારે પણ પ્રીતિભાવથી ઈલાજ કરતાં આંચકો ખાવો ન જોઈએ. કદાપ એ પોતાની ઘેલછામાં ચીડાઈને લાત મારે, ગાળો દે, દુશ્મન ગણવા તૈયાર થાય તો પણ જો પેલો તેનો ખરો મિત્ર હોય તો તેનો ધર્મ છે કે એ સઘળું વેઠીને પણ તેનું ભલું કરવું. અમે આને ખરો દેશાભિમાન કહીએ છીએ. અમે આને ખરી દેશપ્રીતિ કહીએ છીએ.

15. ઉત્તમ તો નહિ પણ ઘણી ઉચ્ચ પંક્તિનું વક્તૃત્વ યોગ્ય કેળવણી ને અનુકૂલ પ્રયત્નોથી સાધી શકાય છે ખરૂં. સારા લેખકોનાં પુસ્તકોનો અભ્યાસ, સારા વક્તાઓ સાથે સમાગમ, ને શાળામાં ને નાનાં નાનાં મંડળોમાં બોલવાના રાખેલા વધારે ને વધારે અભ્યાસથી વક્તૃત્વ કંઈક આણી શકાય છે. જેને પ્રજાકીય જીવનમાં અગ્ર ભાગ લેવાની ઉમેદ હોય છે, જેને વકીલાત જેવા બોલવાના ધંધાની અપેક્ષા હોય છે, તેને આ શકિત સાધારણ પણ આવશ્યક છે. શ્રમથી તેવી શકિત ઘણી સારી રીતે આવે છે. તે નથી હોતી તો દેખાવ હસનીય થાય છે, કારણ એવા દાખલાઓ પણ થાય છે કે માણસ બોલવા ઉભો થાય ને તેનીજ સાથે એના શબ્દો, એના વિચારો, એની હાજરજવાબી બધું નાસી જાય. બોલીને વિચારવાની ને ઉભા ઉભા વિચારવાની શકિત પણ કેળવી કેળવાય છે; ને તે ન હોય તો પણ હાસ્યજનક પરિણામ આવે તે સ્વાભાવિક છે.

વિચારોનો ફેલાવો પુસ્તકોના વાંચનદ્વારા થઈ શકે તેના કરતાં વક્તાઓનાં ભાષણોના શ્રવણદ્વારા જલદીથી, સરળતાથી, ને ઘણા મોટા પ્રમાણમાં થઈ શકે. દરેક દેશને વક્તાઓની આવશ્યકતા હોય છે. સામાજિક, રાજકીય, ધાર્મિક એમ ભિન્ન ભિન્ન સુધારા વક્તાઓનાજ બળે સધાય છે; પુસ્તક મનનથી તો

બહુજ અપવાદ રીતે. વકતા ઉચ્ચ પંક્તિનો દેશસેવક કે અધમ પંક્તિનો દેશદ્રોહી બની શકે છે. જેમ સુધારવું તેની જાદુઈ શક્તિના બળમાં છે, તેમ બગાડવું પણ છે. જે દેશને હિતસાધક વકતાઓ મળ્યા હોય તે દેશ ભાગ્યશાળી દેશ છે એમ માની શકાય. વકતૃત્વ-કળાનો સદુપયોગ એ સામાજિક સેવાનો એક સન્માર્ગ છે.

16. દરેક મનુષ્યના માનસિક ને નૈતિક ગુણોનો સમુદાય તેને અન્ય મનુષ્યોથી જુદો પાડે છે. એ ગુણોના સમુદાયથી એનું વ્યક્તિત્વ બનેલું હોય છે. એ ગુણોમાં જે અગત્યના છે તે નૈતિક છે. બુદ્ધિ સર્વે મનુષ્યોમાં સરખી હોતી નથી. જન્મથીજ કેટલાક ઘણા ચાલાક હોય છે, ને કેટલાક મંદધી હોય છે. પ્રયત્નથી બુદ્ધિનો વિકાસ કરી શકાય છે, પણ તેને એ અવધિ હોય છે. નૈસર્ગિક રીતેજ જો બુદ્ધિનું બળ કોઈનામાં ઓછું હોય, તો તેના પર રચેલી ઈમારત સાધરણ થાય, ભવ્ય થાય એ ઈચ્છા મૃગજલવત્ છે. પરંતુ દરેક માણસની નીતિ તેના પોતાના જ હાથમાં છે. નીતિમાન થવા સારૂ અક્કલ કે કુદરતી શક્તિઓની જરૂર નથી; માત્ર શુદ્ધ હૃદયજ આવશ્યક છે. આમ હોવાથી નીતિગુણોના સમુદાયથી બંધાતું વ્યક્તિત્વ ઘણું અગત્યનું છે.

17. મહાપુરુષનાં ચરિત્રથી શા લાભ છે તે જોઇએ. મહાપુરુષ જે કાળમાં થયો હોય તે કાળનો ઇતિહાસ જાણવામાં આવે છે. તે કાળમાં લોકનાં તન, મન, ધનબળની સમૃદ્ધિ કેવી હતી ને તેઓના સંબંધમાં આવેલાની કેવી હતી તે જાણ્યામાં આવેછે. દેશી લોક એક વિચારના ને એક સંપના હતા કે જુદા વિચારના હતા, ને જો જુદા વિચારના હતા તો કઈ તજવીજે તે મહાપુરુષે સર્વને એકસરખા વશ કર્યાં તે અને બીજી ઘણી ઘણી તે કાળની વાતોથી આપણે જાણીતા થઇએ છીએ. બીજા પ્રકારનો લાભ આ છે કે તે પુરુષ આપણને દૃષ્ટાંતરૂપ ને શિક્ષણીય થાય છે. કેટલાક જણ પોતાનાં અસાધારણ કર્મથી મહાપુરુષ કહેવાય છે; તો પણ તેઓનાં કેટલાંક કર્મ (પ્રગટ કે અપ્રગટ) નિંદ્ય હોય છે; તો તેઓના સદ્‌ગુણ લેવા

અને દુર્ગુણ ન લેવા એ જે બોધ તે ચરિત્રદર્પણમાંથી સહજ જણાઇ આવે છે. કેટલાકે દીનહીન સ્થિતિમાં ઉત્પન્ન થવા છતાં ઉદ્યમ, સદ્ગુણ ને બુદ્ધિથી નામ મેળવ્યાં છે; કેટલાકે સ્વાર્થસુખનો ત્યાગ કરી પરાર્થ ને પરમાર્થ કરી નામ મેળવ્યાં છે; કેટલાકે શ્રમ, ત્રાસ વેઠતાં પોતાનો આગ્રહ ન મૂકતાં દેશાભિમાન દેખાડયાં છે ને નવા વિચાર જગતમાં પ્રગટ કર્યાં છે. કેટલાકે ઘણીવાર ન ફાવ્યાથી, કંટાળો આવ્યા છતાં પણ ઉમંગ આણી, ખંતી રહી, વિદ્યાકળામાં ને અજાણ્યા દેશોમાં શોધ કર્યાં છે. પ્રથમ કેવી સ્થિતિમાં હતા, કયા ઉદ્યમથી ને કઈ તજવીજે તે પાર પડયા ને મોટા પુરુષ કહેવાયા તે જાણવું થોડું લાભકારી નથી. જે દેશમાં ઘણા મહાપુરુષ તે દેશની કીર્તિ વિશેષ ને લોકની સ્થિતિ પણ વિશેષ રૂડી હોય છે. હીણી દશામાં આવેલા દેશનો ઉત્કર્ષ ઇચ્છવો હોય તો લોકમાં મહાપુરુષોની સંખ્યા વધવી જોઇએ. દેશવિદેશના મહાપુરુષોનાં ચરિત્ર ઉપરથી શિક્ષા ગ્રહણ કરી મોટાં કર્મ કર્યેથી કેટલાક જણ આગળ પડે છે ને અનુકૂળ પ્રસંગ સાધી મહાપુરુષમાં પોતાની ગણના કરાવેછે.

18. દેવળદેવી તે વખતે તેર વર્ષની ઉંમરની હતી, અને તેનું રૂપ કોઇ રંભા અથવા અપ્સરાને લજવે એવું હતું. તેની ચામડીનો રંગ એવો તો ગૌર હતો, તથા તેમાં તેના લોહીના રાતા રંગનો એવો તો આભાસ પડતો હતો કે તેને જોઇ કોઈ ગુલાબનું ફૂલ પણ પોતાનું માથું નીચું નમાવે. તેની સાથે તેની ચામડી એવી પાતળી તથા પારદર્શક હતી કે તેમાંથી તેની લોહીની નસો દેખાતી હતી. તેનું કદ તેની ઉંમર પ્રમાણે જેટલું જોઇએ તે કરતાં કાંઇક મોટું હતું. તેનાં અવયવોનો ઘાટ એવો સુંદર તથા નાજુક હતો કે તેને પરમેશ્વરે પોતાને હાથેજ ઘડી હોય એમ કહી શકાય. તેની ચાલ હંસના જેવી, તથા તેના બોલવામાં મધના જેવી મીઠાશ હતી. તેના બાપને સુખી કરવાને તથા તેની ઉદાસી કાઢી નાખવાને તે જ્યારે ગાતી ત્યારે તેના શબ્દો મોહનમંત્રની પેઠે સઘળાને મોહિત

કરતા, તથા જેમ ઑર્ફિયુસની વીણાના મધુર નાદથી મોહ પામી જંગલમાંનાં પશુ પક્ષીઓ પોતપોતાનો સ્વાભાવિક વૈરભાવ એક બાજુ પર મૂકી તેની આસપાસ આવી વીંટળાતાં, તેમ દેવળદેવીનો મધુર કંઠ સાંભળવા જાણે પવન પણ સ્થિર ઠરતો તથા તેનાં પાળેલાં હરણાદિ બીજાં પશુઓ તથા પક્ષીઓ તેના નાદથી આકર્ષાઈ તેની પાસે દોડતાં આવતાં. જ્યારે તે પોતાની વાડીમાં ફરતી ત્યારે જાણે પોતાના અનુપમ રૂપે બધાંને ભુરકી નાંખ્યાં હોય તેમ તે વાડીમાં જન જનાવરો તેની પાછળ દોડતાં અને તેના વિના તેઓને જરાપણ ચાલતું નહતું. તે તેની મા કૌળારાણીના જેવીજ અથવા તે કરતાં પણ અધિક રૂપાળી નીકળશે એ કહેવું કંઈ મુશ્કેલ નહતું. આ ઇશ્વરની કારીગરીનો સંપૂર્ણ નમુનો જોઈને કોને સાનંદાશ્ચર્ય લાગ્યા વિના રહે?

19. સર્વ ગૃહસંસ્કારનો આધાર માતા ઉપર ઠરે છે, ને સારી માતાથી સારાં પરિણામ અને નઠારીથી નઠારાં પરિણામ પણ અનુભવાય છે. ત્યારે સિદ્ધ થાય છે કે માતાની સુબુદ્ધિ અને સુશીલતા ઉપર મુખ્ય આધાર છે. પુરુષને સુશિક્ષણની જેવી ને જેટલી અપેક્ષા છે, તેવી અને તેટલીજ અપેક્ષા સ્ત્રીઓને છે; જેવી એકની બુદ્ધિ સ્ફુરિત થઇને વ્યવહારમાં કામ આવે છે તેવીજ બીજાની પણ થઇ તેટલીજ ઉપયુક્ત થાય છે. સ્ત્રીઓને પોતાનાં કામકાજમાં વ્યવસ્થા રાખવાની ટેવ, તથા સર્વ વ્યવહારમાં દૂરદર્શીપણું, એ બે ગુણ ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત કરકસરની ટેવ પણ અમૂલ્ય છે. એ સર્વ જેથી વધે તેવા શિક્ષણનો તેને ઘણો ઉપયોગ છે. છતાં સ્ત્રીપુરુષના વ્યાપાર સ્વાભાવિક રીતેજ જુદા હોવાથી સ્ત્રીપુરુષનું શિક્ષણ અમુક વય સુધી એક હોઈ શકે, પણ પછી જુદું પડવુંજ જોઈએ. સુશિક્ષિત માતાઓ આ પ્રમાણે પેદા થાય છે. તેમ થવાથી દેશની ઉન્નતિનાં બીજ રોપાય છે. જે જે દેશ પાયમાલ થયા છે, તે તે દેશમાં સ્ત્રીશિક્ષણ ઉપર લોકોએ ધ્યાન ન આપવાથી તેમ થયું છે. માટે સ્ત્રીની ઉન્નતિમાં જ સર્વની ઉન્નતિ છે એમ જાણી જેમ બને તેમ દેશમાં સન્માતાની વૃદ્ધિ થાય એવો પ્રયત્ન સર્વેએ કરવો જોઈએ.

20. કોઈપણ પ્રયાસમાં ઉત્કૃષ્ટ થવાનો ખરો માર્ગ એ છે કે અનુકરણ કરવા માટે અતિસુંદર અને સંપૂર્ણ દાખલો આપવાનો વિચાર કરવો. આપણે જો કે સંપૂર્ણતાએ પહોંચતા નથી, તોપણ પ્રયત્ન કરવાથી સુધરીએ છીએ. સદ્વર્તન હંમેશ અસર કરશેજ. કેળવણી થોડી હોય, બુદ્ધિ નબળી હોય, મિલ્કત ન હોય, અને જનમંડળમાં કંઈ પદવી પણ ન હોય, તોપણ ચોકખું ઉત્કૃષ્ટ સદ્વર્તન હોય તો તેની સત્તા સર્વ કબૂલ કરશે અને તેને સન્માન આપશે. આપણી માનસિક શક્તિની ધાર ઉપયોગથી કવચિતજ ઘસાઈ જાય છે, પણ તે આળસથી ઘણીવાર કટાઈ જાય છે. આસ્થા અને ઉદ્યોગથીજ મનુષ્યજીવનમાં પ્રકાશ અને સૌન્દર્ય આવે છે.

[Std. VII]

21. તો પછી જીવનનું કાર્ય શું છે? જેને આપણે વીરપુરુષો કહીએ છીએ તે માણસોની માફક જેઓ દુનિયાના તખ્તા ઉપર દેખાવની ફત્તેહ સહિત પસાર થાય છે તે મહાપુરુષોનો કાર્યઉદ્દેશ શો છે? કીર્તિના મુખમાં મોટા બનવું અને ઇતિહાસનાં ઘણાં પાનાં રોકવાં એ છે? અરેરે! એતો બાળવાર્તા કે અદ્‌ભુત કથા રૂપે બદલાય તે પહેલાં ભવિષ્યની પેઢીઓના વાચન માટે વાર્તા પૂરી પાડે એથી વધારે કશું નથી. શું એ કવિઓને વિષય પૂરો પાડવામાં અને લોકો કહે છે તેમ કવિતામાં અમર થવામાં સમાયેલ છે? એતો, ટુંકામાં, આગળ ઉપર છોકરાંને છાનાં રાખવા માટે વૃદ્ધ સ્ત્રીઓએ ગાવાનાં વીરકાવ્ય કે હાલરડાં રૂપે બદલાઇ જાય એ સિવાય, અથવા ખિસ્સા કાતરૂ અને ગરીબની મદદ માટે શેરીના ખૂણે ટોળાં એકઠાં કરે એ સિવાય વધારે કશું નથી. અથવા શું એમનો કાર્યઉદ્દેશ પોતાની કીર્તિમાં સદ્‌ગુણ અને ભકિત ઉમેરવાનો છે કે જે તેમને અમરતામાં લઈ જઇ ખરેખરા અમર બનાવે? સદ્‌ગુણ વિના કીર્તિ શા કામની છે? ધર્મ વિનાનો મહાપુરુષ આત્મા વિનાના મોટા પશુથી વધારે

નથી. લાયકાત વિના માન શા કામનું છે? અને માણસને જે મહાન તેમજ સદ્‌ગુણી બનાવે તેના સિવાય ખરી લાયકાત કોને કહી શકાય?

22. આજે સવારે હું મારા કામકાજના ઓરડા આગળ ઘણા આનંદી સ્વભાવમાં આમતેમ ફરતો હતો તે વખતે મારા બારણા આગળ મેં એક ગાડી ઊભી રહેતી જોઇ, અને તેમાંથી આશરે પંદર વરસના યુવકને મેં ઊતરતો જોયો. ગયા મહીનાની સત્તરમી તારીખના મારા વર્તમાનપત્રમાં મારા જે જીવજાન મિત્રને વિષે મેં થોડું વર્ણન આપ્યું હતું તે મિત્રનો એ જ્યેષ્ઠ પુત્ર હતો એમ હું એને ઓળખી શક્યો. એને જોતાં, મારા મનમાં મેં સ્પષ્ટ આનંદ ઉત્પન્ન થતો અનુભવ્યો, કારણ કે મારા ઓળખાણની શરૂઆત એનો પિતા જુવાનીમાં એવો દાખલ થતો જ હતો ને લગભગ એટલી જ ઉંમરનો હતો ત્યારથી થઇ હતી. જ્યારે એ મારી પાસે ઉપર આવ્યો, ત્યારે એણે મારો હાથ પકડયો, અને એ એકદમ ચોધાર આંસુએ રડી પડયો. મને ઘણી જ લાગણી થઈ આવી, ને મેં તરત કહ્યું, "બેટા, તારા બાપની તબીઅત કેમ છે?" એણે ઉત્તર આપવાની શરૂઆત કરી, "મારી મા—" પણ રુદનને લીધે એ આગળ બોલી શક્યો નહિ. હું એની સાથે નીચે ઊતર્યો ને ગાડીમાં બેઠો, અને એની વાતથી હું કળી શક્યો કે એની મા તે વખતે મરણ પામતી હતી ને જો તમે મારા પિતાની પાસે આવી તેમને આશ્વાસન નહિ આપો તો તેમનું હૃદય ખચીત ભગ્ન થઈ જશે એમ કહી એ મને એના પિતાની પાસે તેડી જવા આવ્યો હતો.

23. મારા બાપીકા વારસાનો અધિક ભાગ મેં જુવાનીના મોજશોખમાં ઉડાવી દીધો; પણ અંતે મેં મારી મૂર્ખાઇ જોઈ, અને મને ખાત્રી થઇ કે મેં વાપર્યું હતું તેવા ઉદ્દેશો માટે વપરાયાથી ધન કાંઇ બહુ લાભદાયક થઇ શકતું નથી. અને મને વિચાર આવ્યો કે મેં મોજશોખમાં ઉડાવી નાખેલો સમય તો સોનાના કરતાં પણ વધારે કિંમતી હતો, તથા ઘડપણમાં ગરીબાઈના કરતાં ખરેખર વધારે

શોકજનક બીજું કાંઇ હોઇ શકે નહિ. આ વિચારનું સત્ય સમજાતાં મેં મારી વડિલોપાર્જિત મિલ્કતમાંથી થોડું બાકી રહ્યું હતું તે એકઠું કરવાનો, અને મારો સામાન હરરાજીથી વેચવાનો નિશ્ચય કર્યો. ટુંકામાં મેં મારી પાસે રહેલી નાની રકમ કાંઇક નફો મળે તેવી રીતે રોકવાનું નક્કી કર્યું. અને આ નિશ્ચય થયો કે તરતજ મેં અમલમાં મૂકયો. હું બાલસોરા ગયો, જ્યાંથી અમારા સંયુક્ત ખર્ચે તૈયાર કરવામાં આવેલા વહાણમાં મેં કેટલાક વેપારીઓ સાથે પ્રયાણ કર્યું.

24. પાછા ફરતાં, મલ્લી નામની એક ટોળીની માલિકીનું નાનું શહેર જે હાલનું મુલતાન શહેર એમ મનાય છે, તેને તેણે ઘેરો ઘાલ્યો. શહેરની દિવાલ પર તે સૌથી પહેલો ચઢયો, અને ચાર બીજા ચઢયા એટલે સીઢી ભાંગી, અને તેને દુશ્મનોનાં તીરનું નિશાન બની દિવાલ ઉપર ઉભા રહેલું પડયું. તેજ ક્ષણે દિવાલની અંદરના ભાગમાં મલ્લી લોકોની વચમાં તે કૂદી પડયો, અને અંજીરના એક ઝાડના થડ સાથે પોતાની પીઠ ટેકવી, એક કાંટાવાળું તીર તેની છાતીમાં ઊંડું ભોંકાયું ત્યાં સુધી, તેણે પોતાનું રક્ષણ કર્યા કર્યું; અને કાંઇક વધારે વખત ટકી રહેવા પ્રયત્ન કર્યા બાદ, બેભાન થઈને તે પોતાની ઢાલ પર ઢળી પડયો. એના ચાર સોબતીઓ એની પાછળ નીચે કૂદી પડયા; બે માર્યા ગયા, પણ લશ્કરના બાકીના માણસો શહેરમાં દાખલ થવા, અને તેની કુમકે આવવા, ફતેહમંદ થયા ત્યાં સુધી, બીજા બેએ પોતાની ઢાલ તેના ઉપર ધરી રાખી. તેનો જખમ સખત અને ભય ભરેલો હતો; પણ આખરે તે સારો થયો. સિંધુ નદીના મુખ સુધી તે વહાણ હંકારી ગયો, અને ઇરાનના અખાતની તપાસ કરવા એક કાફલાને મોકલી, પોતે કિનારે કિનારે કૂચ કીધી. આ પ્રદેશ વેરાન અને રણસમાન હતો, અને તેના લશ્કરને તાપ, તરસ અને ભૂખથી ત્રાસદાયક સંકટો સહન કરવાં પડયાં, જે સર્વ સંકટોમાં તેણે તત્પરતાથી ભાગ લીધો. એક વખત તાપથી ગળું સૂકાઈ જાય એવે દિવસે, એક મૂલ્યવાન ભેટ તરીકે, એને થોડું પાણી

આપવામાં આવ્યું; પણ તે બધાને પૂરૂં થાય તેટલું ન હતું તેથી, રખેને પોતાને એકલાને પીતો જોઈ, પોતાના નિમકહલાલ માણસોની લાગણી વધારે તીવ્ર બને એમ ધારી, તેણે તે પાણી રેતી ઉપર ઢોળી દીધું.

25. સંભવિત છે કે તે જુવાન ઘોડેસ્વાર પોતાની મહારાણીના શરીરની નજીક હજી કદિ એટલો બધો ગયો ન હતો. અને હાલની તકનો લાભ લેવા માટે પહેરેગીરોની હાર તેને જવા દે તેટલો દૂર તે ધસ્યો, તેજ વખતે પોતાની ઉભી ટોપી ઉતારીને મહારાણીના આવવા તરફ પોતાની આતુરતા ભરેલી નજર સ્થિર કરી. તેમાં માન, જિજ્ઞાસા અને અચંબાની લાગણી મિશ્રિત હતી, જે તેના સુંદર ચ્હેરાને એટલી બધી માફક આવેલી હતી કે તેના ઊંચી કિંમતના પહેરવેષ તથા ઉમદા ચ્હેરાથી તે પહેરેગીરો ચકિત બન્યા, અને જે જમીન ઉપર થઈને મહારાણી પસાર થવાનાં હતાં તેની નજીક તેને જવા દીધો—એ સાધારણ જોવા આવનારાઓને છૂટ મળે તેના કરતાં વધારે નજીક હતું. તે રાત્રિએ વરસાદ પડયો હતો, અને જ્યાં તે જુવાન ઉભો હતો તેજ જગ્યા પર મહારાણીના રસ્તા વચ્ચે થોડો કાદવ હતો. જેવી મહારાણીએ આગળ પસાર થવામાં આનાકાની કરી કે તુરત તે બહાદુર માણસે પોતાને ખભેથી ડગલો ઉતારી તે કાદવવાળી જગ્યા પર ઢાંકયો; અને તેથી મહારાણીનો પગ સૂકી જમીનપર પડવાની ખાત્રી કરી આપી. એલિઝાબેથે તે જુવાન માણસની સામું જોયું—જેણે ભક્તિ અને સભ્યતાના એ કૃત્ય સાથે ઊંડા સન્માનની લાગણી જોડી દીધી હતી; તથા તેના આખા મ્હોં ઉપર શરમનો આવેશ ફેલાઈ ગયો હતો.

"તને એક કપડાની જોડી અવશ્ય મળશે, અને તે નવા નમુનાની; હું તને એક શાહજાદી તરીકે વચન આપુંછું,"—એમ તેને મહારાણીએ કહ્યું.

વૉલ્ટરે આનાકાની કરતાં ઉત્તર આપ્યોઃ—"જો હું જે માગું છું તે અતિશય ઊંચું માન ન હોય તો જે ડગલે આ નજીવી નોકરી બજાવી તેજ પહેરવાની ફક્ત પરવાનગી માગું છું."

મહારાણી બોલ્યાંઃ—"અરે મૂર્ખ છોકરા! તારો પોતાનો ડગલો પહેરવાની પરવાનગી?"

વૉલ્ટરે કહ્યુંઃ—"તે હવે વધારે વખત મારો નથી. જ્યારે આપ નામદાર બાનુનો પગ તેને અડકયો ત્યારે એક શાહજાદાને પહેરવા લાયક તે બન્યો; પણ તેના અગાઉના માલીકને માટે તે અતિશય કિમતનો બની ગયો."

26. નેલ્સન કરતાં વધારે માનીતો અમલદાર કોઈ થયો નથી. પોતાના માણસો ઉપર તે તેમની બુદ્ધિ અને પ્રેમને અનુકૂળ થઈ સત્તા ચલાવતો. તેઓ જાણતા કે તે કદાપિ તરંગી કે જૂલમી થઈ શકવાનો નથી, અને તેઓ તેના હુકમ તત્પરતાથી તથા ખુશીથી માથે ચઢાવતા, કારણ કે તેણે તેમનાં વિશ્વાસ અને પ્રેમ મેળવ્યાં હતાં. તેઓ કહેતા કે અમારો નેલ સિંહ જેવો શૂરો અને ઘેટા જેવો ગરીબ છે. જો કે તે સખતાઈવાળી શાળામાં ઉછર્યો હતો તોપણ તેને સખત બંદોબસ્ત માટે ધિક્કાર હતો. શારીરિક શિક્ષા કર્યાં વિના ચાલે એમ હોય તો તે કદાપિ કરતો નહીં, અને જ્યારે તે કરવાની તેને ફરજ પડતી ત્યારે તેને પોતાને ઘા અને મરણનો પરિચય હોવાથી તેને એક સ્રીની માફક દુઃખ થતું. તેના આખા જીવનમાં તે કોઈ દિવસ કોઇ અમલદાર તરફ સખતાઈથી વર્ત્યો હોય એમ જાણવામાં નથી. ગેરવર્તન માટે કોઈના ઉપર કામ ચલાવવાનું તેને કહેવામાં આવતું ત્યારે તે એમજ કહેતો કે જે માણસ પોતાનોજ શત્રુ થઈ પોતાનુંજ બગાડે એવા ગરીબ માણસને ખરાબ કરવાનું મને કારણ નથી. તે કોઇને નુકશાન કરતો નહીં એટલુંજ નહીં પણ તેની પરોપકારની લાગણી જીવતી અને જાગતી રહેતી. તે ન્યાય આપવાને હંમેશાં ઇચ્છા ધરાવતો એટલુંજ નહીં પણ કોઈનું પણ

ભલું કરવાની તેની ઇચ્છા હતી. સુલેહના વખતમાં તેણે નૌકાખાતામાં પેઠેલા સડા માટે પાર્લામેન્ટમાં ભાષણ કર્યું હતું અને તે ખાતામાં સરળતાથી ભરતી કરવા તથા ખલાસીઓની સ્થિતિ સુધારી તેમને નાસી જતા અટકાવવા સારૂ તેણે પોતાની યોજનાઓ સરકારને રજુ કરી હતી.

27. આજથી સુમારે ત્રીસ વર્ષો અગાઉ એક મુસલમાન સિપાઈ દક્ષિણ હિંદુસ્તાનની લડાઈઓમાં નામાંકિત થવા લાગ્યો. તેની કેળવણી ગુમાવવામાં આવી હતી; તેની ઓલાદ હલકી હતી. તેનો બાપ વસુલાત ખાતાનો એક હલકો અમલદાર હતો; તેનો દાદો રખડતો ફકીર હતો. પણ અગર જો કે તે નીચા વંશમાંથી ઉતરેલો હતો, અગર જો કે તે મૂળાક્ષરોથી પણ અજાણ્યો હતો, તો પણ તે સાહસિક પુરૂષને જેવો લશ્કરની એક ટુકડીને મોખરે મૂકવામાં આવ્યો કે તુરતજ તેણે જીત અને હકુમતને માટે જન્મ પામેલા માણસ તરીકે પોતાની જાતને સિદ્ધ કરી આપી. જે મુખ્ય સરદારો હિંદુસ્તાનના રાજ્યના હિસ્સા માટે લડતા હતા તેઓ (નાં ટોળાં) માંહે આની સાથે લશ્કરી સરદારના ગુણોમાં તથા મુત્સદ્દી પુરુષના ગુણોમાં કોઈ મુકાબલો કરી શકે તેવો ન હતો. તે લશ્કરી સરદાર થયો; તે મોટો રાજા થયો. જે જૂના દેશી રાજ્યોના, સામાન્ય વિનાશમાં, ટુકડા થઈ ગયા હતા, તે રાજ્યોના ભાંગેલા કટકામાંથી તેણે એક મોટું અને બળવાન રાજ્ય પોતાને માટે બનાવ્યું. ભપકદાર શક્તિવડે તથા મોટા સાવધપણા અને સખ્તાઈ વડે તેણે તે રાજ્ય ચલાવ્યું. તે એક જુલમગાર હતો; પરંતુ પોતાના જુલમ સિવાય બીજા બધા જુલમની સામે પોતાના લોકોનું રક્ષણ કરવાનો તો ઓછામાં ઓછો ગુણ તેનામાં હતો. હમણાં તે અત્યંત વૃદ્ધાવસ્થામાં હતો; પણ તેની જુવાનીની શરૂઆતની માફક તેની બુદ્ધિ ચોખ્ખી હતી, અને તેનો જુસ્સો ઉંચો હતો. આવો મ્હૈસુરના મુસલમાની રાજ્યનો સ્થાપન કરનાર મહાન હૈદરઅલ્લી હતો.

28. અકબર શરીરે સુદઢ અને રૂપાળો, ખુશનુમા ચહેરાવાળો, અને બોલવે ચાલવે મનોહર હતો. તેની ચામડી ગોરી અને બુદ્ધિ વિશાળ હતી. તેનામાં અંગબળ અને ચપળતા પુષ્કળ હતી. જુવાનીમાં મદિરાપાન અને અનેક પ્રકારનાં ગળ્યાં અને સ્વાદિષ્ટ ભોજનનો શોખીન હતો, પણ એ શોખ થોડાં વરસમાં છોડી દઈ બેઉ વાતે પરહેજગાર થયો. વરસમાં અમુક દિવસે માંસાહાર કરતો નહિ. એ દિવસોનો સરવાળો કરતાં વરસમાં આશરે ત્રણ માસ થતા. તેને તત્ત્વજ્ઞાન પર ઘણી રુચિ હતી, માટે ઉંઘવાનો વખત ઘણો થોડો રાખી તે ઘણી વાર આખી રાત વિદ્વાનોના સંવાદો સાંભળવા બેસતો, ને બીજી વખતે પણ તે નિદ્રાવશ થવામાં ઝાઝો કાળ કાઢતો નહિ. બીજા હરકોઈ પાદશાહે મુલકી રાજ્યવહીવટમાં એના જેટલો સુધારો કર્યો નથી, છતાં વખતની યોગ્ય વહેંચણ કરવાથી તથા ઝટ કામ કરવાની ચતુરાઈએ કરીને તેને અભ્યાસ અને ગમ્મતને માટે પુષ્કળ અવકાશ મળતો. જાનવરોની લડાઈઓ, અને બળ ને ચતુરાઈની તમામ કસરતો જોવાનો એને શોખ હતો પણ એને સૌથી વધારે મઝા શિકારમાં પડતી હતી; ખાસ કરીને વાઘોના નાશ કરવા જેવા, કે જંગલી હાથીઓનાં ટોળાંને પકડવા જેવા શિકારોમાં; કારણ કે તેમાં સાહસ ને મહેનતથી પોતાને મળતો આનંદ મેળવવાનો એને પ્રસંગ મળતો.

29. મિલ્ટન પૂજા કરવાના કોઈ પણ સ્થળમાં કદાપિ ગયો નહોતો. ખરા ધર્મસમાજનાં (ચર્ચનાં) લક્ષણ કોઈ પણ પુસ્તકમાં એને ન જડ્યાં હોવાથી, એ એકલોજ ઈશ્વરની પ્રાર્થના કરતો; બીજા કોઈની મદદની એને જરૂર પડતી નહોતી. બપોર સુધી એ અભ્યાસ કરતો; પછી એક કલાક કસરત કર્યા બાદ એ વાજું કે વાયોલિન વગાડતો. પછી છ વાગતાં સુધી એ એનો અભ્યાસ ફરી ચાલુ રાખતો અને સાંજે એના મિત્રોની સોબતમાં ગમ્મત કરતો. જ્યારે કોઈ પણ માણસ એને મળવા આવતો ત્યારે એ સાધારણ રીતે જૂના લીલા

પડદાઓ લટકાવેલા એક ઓરડામાં હાથાવાળી ખુરશીમાં બેઠેલો ને સફાઈથી પહેરેલા કાળા પહેરવેશમાં જોવામાં આવતો. એની જુવાનીમાં એ ઘણો સુંદર હતો; અને એના ગાલ, જે એકવાર નાની છોકરીના ગાલ જેવા કોમળ હતા તે લગભગ તેમના અન્ત સુધી તેમનો રંગ રાખી રહ્યા. કહે છે કે એનો ચહેરો આનન્દદાયક હતો. એની સીધી ને મરદાઈવાળી ચાલ નિર્ભયતા ને હિંમત દર્શાવતી હતી. એની બધી છબીઓમાં હજી પણ મહત્ત્વ ને સ્વાભિમાન બતાવનારૂં કંઈક તત્ત્વ તરી આવે છે; ને ખચીત થોડાજ માણસોએ પોતાની જાતને આટલું બધું માન આપ્યું છે. આ પ્રમાણે એક અસ્ત પામતા, પ્રકાશમાન ને શાન્ત સૂર્યની પેઠે, આ ઉમદા જીવન ચાલ્યું ગયું. ઘણી હાડમારીઓની વચમાં, એકંદર રીતે એને લાયક, પવિત્ર ને ઉચ્ચ આનંદ એને બક્ષવામાં આવ્યો હતો, અને દર્શનના જે વિષયો એનાં ચર્મચક્ષુઓએ ખોયા હતા, તે વિષયોથી પર અજ્ઞાત પ્રદેશો એના આત્માના આન્તર ચક્ષુ સમક્ષ ખુલ્લા મુકાયા હતા.

30. ત્રણસેંથી વધારે વર્ષ પહેલાં, એક કઢંગા નાના ફ્રેન્ચ ગામડામાં એક ઘણો તરેહવાર ને ઊંચા દેખાવવાળો માણસ રહેતો હતો. એની રીતભાત એવી ગૂઢ હતી કે એના પાડોશીઓ—જેઓ સાદા, અજ્ઞાન ગામડીઆઓ હતા તેઓ—એનાથી દૂર રહેતા અને બ્હીતા. ગામડાની સાંકડી શેરીમાંથી જ્યારે એ પસાર થતો, ત્યારે એ એવા દરિદ્ર પહેરવેશમાં માલૂમ પડતો કે એ એક ભીખારી જેવો જણાતો. જે લોકો એને પહેલી વાર જોતા, તેઓ લગભગ એવી ધારણા બાંધતા કે એ ચાલતો અટકી જઈ, કંઈ માંગણી કરતો હોય એવો ચહેરો કરશે, ને પૈસા માટે નમ્રતાથી આજીજી કરશે. છતાં એ ચીંથરેહાલ હતો, તોએ એનો ડોળ જરાપણ રીતે ભીખારી જેવો નહોતો. એ ઉતાવળી ચાલે આનંદ આનંદથી પગલાં ઉપાડતો. એની મોટી ભુરાશ પડતી આંખો પ્રકાશથી ચકચકતી, અને ઘણુંખરૂં હંમેશાં એના હોઠપર હાસ્ય જણાતું; એનાં ફાટયાં તૂટયાં કપડાંને એના દેખાવનું

સ્હેજ પણ ભાન એને હોય, એમ જણાતું નહોતું; તેમજ, એ જ્યાં જતો ત્યાં જે બધાં એની સામું તાકીને જોતાં તેમાંથી કોઇની પણ એ પરવા રાખતો નહોતો. એનું કુટુંબ ગરીબ હતું, પણ તેથી કંઇ એની શાન્તિને ખલેલ પડતી નહોતી. એની ઝુંપડી કંગાલ હતી, પણ એ તેને વિષે મગરૂબ હતો. એનું સમગ્ર ચિત્ત એક વિચારમાં ગરકાવ રહેતું, ને તે વિચારને માટે એ બધી બાબતોનો ભોગ આપતો. તેથી, જ્યારે એ ૧૫૮૯માં મરણ પામ્યો, ત્યારે એના વખતમાં થઇ ગયેલા મોટામાં મોટા ફ્રેન્ચમેનોમાંનો એક એ હતો, એવી એણે પોતાને માટે કીર્તિ મેળવી હતી. માત્ર એની જન્મભૂમિના ગામમાં જ નહિ, પણ એના આખા પ્રાન્તમાં, રે, આખા દેશમાં હજી પણ એને લોકો સ્નેહથી સંભારે છે.

31. ઘણી નાની ઉંમરે મહેનતુ જીંદગીની કઠોર વસ્તુઓ શીખવાની જ્યોર્જ સ્ટીવન્સનને જરૂર પડતી હતી. તેના બાપને છ છોકરાંઓનું કુટુંબ નિભાવવાનું હતું અને તે મતલબને માટે તે વૃદ્ધ માણસનું મહેનતાણું ભાગ્યેજ પૂરતું હતું. તેથી કરીને જ્યૉર્જ માત્ર સાત વર્ષનો હતો ત્યારે ગાયોના ટોળાની સંભાળ રાખવા તેને ખેતરોમાં મોકલવામાં આવ્યો. તે નાનો છોકરો ઉઘાડે માથે અને ઉઘાડે પગે હતો, અને તેનાં કપડાં કંગાળમાં કંગાળ પ્રકારનાં હતાં. પણ તે ચપળ, સતેજ અને હલકા હૃદયનો હતો અને આનંદથી ગાતો ગાતો પોતાના રોજીંદા કામે તે હંમેશાં જતો. તે નાની ઉંમરે પણ તેનો યંત્રનો શોખ આપોઆપ પ્રગટ થયો. જ્યારે એકાદ બે કલાક તે નવરો હોય ત્યારે તે આળસમાં કે રમતો રમવામાં એ ગાળતો નહિ. જ્યાં તેનો બાપ કામ ઉપર હતો ત્યાં યંત્ર આગળ ઉતાવળે તે હંમેશાં જતો અને ચમત્કારિક સંચાની હીલચાલો નિરખવામાં આનંદ માનતો. તેના આતુર મનને યંત્ર દુનિયાની અત્યંત અજબ અને ચમત્કારિક ચીજ લાગતી. એકી નજરે તેના સામું જોઇ રહેતાં તેને કદિ કંટાળો આવતો નહિ અને એક જીવતી ચીજ જેવું તેને એ લગભગ ગણતો કે જેની

આગળ આદરયુક્ત ધાસ્તીથી તે ઉભો રહેતો. જે પ્રથમ યંત્ર એણે પોતે જ ઉભું કર્યું તેનો ઘાટ એણે ખેતરોમાં માટીથી રચ્યો હતો. ઘણાં વર્ષો પછી જ્યારે એણે છેલ્લું બનાવ્યું, ત્યારે ધંધા અને વેપારનો આખો દેખાવ અને દુનિયાનું સુખ તેથી કેવાં ફરી ગયાં હતાં તે જોઇને એ ખુશી થયો.

32. લુંટારાઓ ગયા પછી વિસ્મય ને ધાસ્તીથી મારી આસપાસ જોતો હું કેટલીક વાર બેઠો. ગમે તે દિશામાં હું ફર્યો, તોપણ ભય અને મુશ્કેલી સિવાય કાંઇ દેખાયું નહીં. વિસ્તીર્ણ અરણ્ય વચ્ચે, ભર ચોમાસામાં, રાની જનાવરોથી અને તેથી વધારે રાની મનુષ્યોથી ઘેરાયેલો મેં પોતાને જોયો. હું પાસેમાં પાસેના યુરોપીઅન વસાયતથી પાંચસેં માઇલ હતો. એકદમ આ બધા સંજોગો મારી યાદદાસ્તમાં ટોળે થયા, અને હું કબુલ કરૂં છું કે મારા ચૈતન્યે મને છોડી દેવાનું શરૂ કર્યું. મારૂં કિસ્મત નક્કી થયેલું, અને સુઇ રહ્યા ને નાશ પામ્યા સિવાય મારે બીજો એકે ઇલાજ ન હતો એમ મેં ગણ્યું. એમ છતાં ધર્મના પ્રભાવે મને મદદ કરી અને આશ્રય આપ્યો. મનુષ્યની ગમે તેવી દુરંદેશી કે અગમચેતી મારા હાલનાં સંકટો કદાચિત્ ટાળી શકી ન હોત એનો મેં વિચાર કર્યો. અજાણી ભૂમિમાં ખરેખર હું અજાણ્યો (માણસ) હતો, છતાં પોતાને અજાણ્યાનો મિત્ર ગણવાની જે પરમેશ્વરે કૃપા કીધી છે, તેની રક્ષણ કરતી આંખ તળે હજી હું હતો. આ વખતે મોરથી ખીલી ઉઠતા એક નાના છોડવાનું અસાધારણ સૌંદર્ય અનિવાર્ય રીતે મારી આંખે પડયું. મેં વિચાર કર્યો કે આવી થોડી અગત્યની દેખાતી ચીજને દુનિયાના આ ઓતાડા ભાગમાં જે પરમાત્માએ વાવી, પાણી પાયું, ને સંપૂર્ણતાએ આણી, તે શું તેની પોતાની છબી પ્રમાણેજ બનાવાયલાં પ્રાણીઓનાં સંકટ અને સ્થિતિ બેપરવાઇથી જોઈ શકશે? ખચીત નહીં!

33. દુનિયાના પ્રખ્યાત જીતનારાઓમાં બાબર હંમેશાં ઘણું ઊંચું સ્થાન લેશે. તેના ચારિત્ર્યે તેની કારકીર્દી ઉત્પન્ન કરી અને

ઘડી. મધ્ય એશિઆમાં એક નાના રાજ્યના આભાસ માત્રનો વારસો પામીને, બહોળા પ્રદેશોના સ્વામી તરીકે તે ગુજરી ગયો. તેનો સ્વભાવ આનંદી હતો. ઉદાર, વિશ્વાસુ, સદા આશાવંત હોવાથી જેમના પ્રસંગમાં આવતો તે સર્વનો સ્નેહ આકર્ષવાની તે ગોઠવણ કરતો. કુદરતમાં જે સઘળું સુંદર હતું તેની તે તીવ્ર રીતે બુજ કરી શકતો. જે જમાનામાં તે થઈ ગયો તે જમાનામાં અસાધારણ એવી હદ સુધી તેણે પોતાની અપૂર્વ બુદ્ધિ ખીલવી હતી, અને સખ્ત લાગણીઓ તથા ઘણી ભભકદાર કલ્પનાશક્તિ તેને બક્ષવામાં આવી હતી. લડાઈ તથા કીર્તિને તે ચાહતો હતો. પરંતુ શાંતિ સમયની કળાઓને તે ભૂલ્યો નહોતો. જે જાતિઓને તેણે તાબે કરી, તેમની સ્થિતિ વિષે તપાસ કરવાની તથા તેમને માટે શ્રેયસ્કારક ઉપાય યોજવાની ફરજ તેણે ગણી હતી. બાગકામ, શિલ્પ, અને સંગીતનો તે શોખી હતો; અને તે કંઈ જેવો તેવો કવિ નહોતો. પરંતુ તેના ચારિત્ર્યનું મોટામાં મોટું ગૌરવ એ હતું, કે જેનું તેને સારી રીતે ઓળખનારા એક જણે તેનામાં આરોપણ કર્યું હતું, અને તેને વિષે કહ્યું હતું, કે તેની ઉદારતા અને દયાવૃત્તિ અગ્રેસરપણું ભોગવતાં હતાં. જો કે થાળે પાડવા જેટલું લાંબું નહીં, પણ ફક્ત જીત મેળવવા જેટલું લાંબું તે જીવ્યો હતો, છતાં જીતવાનું કામ વધારે પવિત્ર હાથોને ભાગ્યેજ સોંપી શકાયું હોત.

34. જ્યારે હિંદુસ્તાનના પ્રાચીન કાયદા બાંધનારાઓએ ચાર મોટી જ્ઞાતિ માટે કાનુનો ઘડયા ત્યારે તેમનો ઇરાદો ન ઓળંગી શકાય તેવા જાતીય અને સામાજિક અંતરાય ઉત્પન્ન કરવાનો નહતો, પરંતુ પરસ્પર સહકાર્યના પાયા ઉપર મહાન્ હિંદુ કુટુંબનાં અંગોને એકત્ર કરવાનો હતો. તે કુટુંબના દરેક અંગે (સ્ત્રી પુરુષે) તેની અથવા તેણીની ખાસ ફરજો બજાવવાની હતી; પરંતુ એક બીજાથી તેમને સ્વતંત્ર ગણાવે, અગર સમગ્ર કુટુંબનું ઐક્ય વિસરાવે એવી એ ફરજો નહોતી. પિતા એ કુટુંબનો બુદ્ધિવિષયક અને ધાર્મિક વડે

હતો. પુત્રો લડાઈ વખતે કુટુંબ કબીલાના રક્ષક અને શાંતિને સમયે આજીવિકા મેળવનારા હતા. તેઓ વળી વધારે ઉંચા હુન્નરોમાં નિષ્ણાત થયેલા ઉસ્તાદ બાંધકામ કરનારા હતા. મા તથા દીકરીઓને માથે, જેમાં વધારે નાજુક કળાને લગતા કામનો સમાવેશ થતો એવી ઘરકામને લગતી ફરજો રહેલી હતી, જેવી કે ઘર શણગારવાની, લુગડાં વણવાની; નોકરોને માથે સખ્ત અને ચાકરીનું કામ હતું. જ્યાં લગી કુટુંબનું દરેક અંગ તેના અથવા તેણીના અમુક ક્ષેત્રની ફરજો બજાવતું એટલુંજ નહીં પણ એકબીજાના પ્રત્યેનાં કર્તવ્ય ધ્યાનમાં રાખતું, જ્યાં લગી પિતા પુત્રોને, પુત્રો મા અને દીકરીઓને મદદ કરતા, જ્યાં લગી વસ્તુતઃ જ્ઞાતિકર્તવ્યના ચાર વિભાગ ખરા, સહાયકારી પાયા ઉપર હતા—ત્યાં લગી હિંદુસ્તાન મહાન્ અને મજબૂત રહ્યો. પરંતુ જ્યારે આભડછેટનો વિચાર ઘુસી ગયો, જ્યારે દરેક અંગને તેની અગર તેણીની જ્ઞાતિની ફરજો સાથેજ ફક્ત લાગતું વળગતું રહ્યું, ત્યારે જ્ઞાતિ મજબૂતીને બદલે દુર્બળતાનું મૂળ થઈ, કુટુંબે પોતાની એકઠા રહેવાની શક્તિ ગુમાવી, અને હિંદુસ્તાન દરેક પરદેશી હુમલો કરનારનો સહેલો શિકાર થઈ પડયો.

35. જો આપણે ડુંગર ઉપર ચઢીએ અને નદીપર નીચે દ્દષ્ટિ નાંખીએ તો આપણને જણાશે કે નદી અંદર ને બહાર અને પાછળ ને આગળ વાંકી ચુંકી વહે છે. આ વાંક સર્વ નદીઓમાં જ્યાં ધોધ સહેજ હોય છે ત્યાં જોવામાં આવે છે, અને નીચે ધસડાઇ ગયેલા પથ્થર અથવા ઝાડોનાં મૂળ જેવી કોઇ નાની અડચણ કે જે નદીના પ્રવાહને બાજુપર ફેરવવાને અને સામા કાંઠા સામું નાખવાને પૂરતી છે, અને જે આવી રીતે વાંકો ખાડો બનાવીને કાંઠો ધસી નાંખવાની શરૂઆત કરે છે તેને લીધે આ વાંક થાય છે. આ ખાડાની આસપાસ પાણી વહે છે, અને એ રીતે નદીને પેલેપાર પાણી પાછું ફેંકી દેવામાં આવે છે, અને પાસેના કાંઠાપર એક બીજો વાંકો ખાડો કાપી કાઢશે; અડચણની પછાડી

પાણીનો વેગ રોકાશે, અને આને લીધે રેતીનો સઘળો ભાર ખેંચી જવાને અશક્ત થશે, અને આમાંનો કેટલોક ભાગ ઠરશે. દરેક વાંકની અંદર પણ વેગ રોકાય છે અને ત્યાં આગળ પણ રેતી ઠરશે. પ્રવાહનું કાર્ય આ પ્રમાણે કાંઠાને બહારની બાજુએ કાપવાનું અને વાંકોની અંદરની બાજુએ પાણીની નીકને ભરી દેવાનું છે. આવી રીતે એકવાર વાંકો બનતા થયા કે બાજુએ હંમેશ આપણને ઉભા ઢોળાવવાળો કાંઠો જણાશે. કચરાનો મોટો ભાગ જ્યાં પાણીનું પહેલું રોકાણ થાય છે ત્યાં નીચે નાખી દેવાય છે, અને આ સામાન્ય નીકના કાંઠાની પાસે ઘણું કરીને હોય છે. નદીના કાંઠાપર જે રસાળ વનસ્પતિ ઘણી વખતે ઉગે છે તે પણ ઘણી મદદ કરે છે, અને આવી રીતે ઘણી નદીઓએ કુદરતી કાંઠાઓ એવા બનાવ્યા છે કે જે મેદાનમાં થઈને નદી વહે છે તેની સાધારણ સપાટી કરતાં પણ કેટલા ફુટની વધારે ઉંચાઇએ રહે છે.

36. કરોડો લોકો શાકાહારી છે અને કદિ પણ માંસ બીલકુલ ખાતા નથી; પણ ભાત અને જુદી જુદી જાતનાં ધાન્યો ઉપર જીવે છે. તેઓના ખોરાકની કિંમત તેથી કરીને તેમને થોડી બેસે છે. લોકોની હાજતો થોડી છે, અને સાધારણ રીતે સહેલાઇથી સંતોષ પમાડી શકાય છે. એનો અર્થ એ કે યુરોપમાં જે ખોટી શ્રમપ્રેરણા પ્રવર્તે છે તે હિંદુસ્તાનમાં નથી.

એક ખેડુતને હળ ખેડતો જુઓ. એનો હળ ઘણી અસલી ઢબનો, લાકડાનો, સાંકડા ખૂણાના જેવા કાંઈક આકારવાળો અને ખૂણાની અણીપર લોખંડથી મઢેલો છે. આ ઓજાર, જેને બળદની જોડીથી ખેતરમાં આડો ખેંચવામાં આવે છે, તેનાથી છીછરી ચાસ પડે છે અને તેની અંદર એ બીયાં નાંખે છે અને પાક ઉગાડવાને ઘણે ભાગે સૂર્ય તથા વરસાદને ભરોસે રહે છે. પોતાના બાપદાદાઓ સેંકડો વર્ષ ઉપર જે જાતનો હળ વાપરતા, બરાબર તેજ તરેહનો હળ ખેડુત વાપરે છે. વરસાદ સારો આવે તો એ આ સહેલી

રીતે પોતાને તથા પોતાના કુટુમ્બને માટે બરાબર પૂરતો થાય એટલો ખોરાક ઉગાડશે. તેથી એને સાહસ અને શોધનશક્તિને કામે લગાડવાને કંઈ ઉત્તેજન નથી. હિંદુસ્થાનમાં રૂઢિ કાયદા કરતાં બળવાન છે અને હિંદુસ્થાન તો દેશી જુની રીતોને ચુસ્ત રીતે વળગી રહે છે.

હિંદુસ્થાનમાં લોકોનો મોટો જથ્થો વરસાદ પર તદન આધાર રાખે છે. જો વરસાદ નહિ આવે તો વિપત્તિ અને કદાચ મરણથી કંઈ પણ તેમને બચાવી શકે નહિ. તેથી તેઓને લાગે છે તે આબાદી અને આપદા બન્ને તેમના અખત્યારની બહાર છે, ઈશ્વરાધીન છે, ને મનુષ્યના હાથમાં નથી. આથી તેઓ નસીબવાદી બને છે. જ્યારે સંકટ આવી પડે છે ત્યારે તેઓ કાંઈ પ્રયાસ કર્યા વિના પોતાના નસીબને શરણ થાય છે. જીંદગી એક જાતનો જુગાર બને છે અને આને લીધે અવિચારીપણું પેદા થાય છે. સાધારણ ખેડુતને સંગ્રહ કરવાનો વિચારજ હોતો નથી. લગ્નના ઉત્સવો અને મરણની ક્રિયાઓ માટે એ સેંકડો રૂપીઆનું કરજ કરશે અને પોતાના તથા કુટુમ્બના ઉપર પેઢીઓ સુધી કરજનો બોજો નાંખશે.

37. ઘોડા ઉપરથી ઉતરીને દરવાજામાં બિહારીલાલ પેસવા જાય છે એટલે દરવાને તેને રોકયો, અને એક હડસેલો મારી ફેંકી દેવાની તૈયારીમાં હતો, એટલામાં તેણે તેનો જુસ્સો સોને વતી નરમ પાડયો. આગળ જતાં ઘણા સિપાઈઓ તેને વિંટળાઈ વળ્યા તેઓ સઘળાને તેણે સોનાના પ્રસાદથી સંતોષ્યા. પછી કેટલાએક મેહેતાઓને પણ પાનસોપારી મળ્યાં. એટલું સોનું જ્યારે વપરાયું ત્યારે તેને બેસવાની જગ્યા મળી, અને એક સિપાઈએ માંહેના ઓરડામાં કાફુર એક દર્વેશ સાથે વાત કરતો હતો ત્યાં જઈ જાહેર કીધું. કાફુરનું નાક પણ પૈસા સુંઘી સુંઘીને ઘણું તીવ્ર થયેલું હતું તેથી તેણે બિહારીલાલના પૈસાની ગંધ પારખી અને દર્વેશને થોડીવાર સબુર કરવાનું કહી તે બહાર આવ્યો. બિહારીલાલને આગળથી ભણાવી મૂકયો હતો

તે પ્રમાણે કાકુરને જોતાંજ તેણે પાઘડી માથા ઉપરથી ફેંકી દીધી, અને લાંબો થઈ પગે લાગીને રડી પડયો. પણ રૂદનના શબ્દથી પિગળે એવું કાકુરનું અંતઃકરણ કોમળ ન હતું. તેના હૈયા ઉપર તો જુદી રીતેજ અસર થતી હતી, અને જ્યારે સોનાનો ખણખણાટ તેને કાને પડતો ત્યારેજ તે ઇંદ્રિયદ્વારે તેના હૃદય પર અસર થતી.

38. ધર્મ ઉપર નીતિનો આધાર છે. કેટલાક લોકો એમ ધારે છે કે નીતિએ ચાલ્યા એટલે બસ; પરંતુ એ તેમની ભૂલ છે. બેશક નીતિ વગરનો ધર્મ નિંદવા લાયક છે; ખરો ધર્મ નીતિ વિના હોઈ શકેજ નહિ. પણ એટલું યાદ રાખવું કે નીતિ કંઈ માણસે ઉભી કરેલી નથી, પણ પરમેશ્વરની આજ્ઞારૂપ છે, અને તેથી ખરી રીતે નીતિમાન્ થવા માટે જગતના નિયંતા ઉપર શ્રદ્ધા રાખવાની જરૂર છે. વળી સત્ય જય પામશે અને અસત્ય હારશે એવો દૃઢ વિશ્વાસ ધર્મથીજ આવે છે. લોક નિંદા કરો કે સ્તુતિ કરો, પૈસા મળો કે ન મળો, આજે જ મરણ થાઓ કે હજારો વર્ષ જીંદગી પહોંચો, પણ જે સત્યનો માર્ગ છે તે હું કદી પણ નહિ છોડું એવું મનનું બળ પ્રભુ ઉપર શ્રદ્ધા વિના અને એની કૃપા વિના આવી શકતુંજ નથી. એ કારણથી નીતિને માર્ગે ચાલી શકવા માટે ધર્મનો આશરો લેવાની જરૂર છે. સઘળી મનુષ્ય જાતિ ઉપર, બલકે આખા વિશ્વ ઉપર પ્રેમ, મૈત્રી, કરૂણા રાખવી, એ ગુણો ખરા ધાર્મિકપણામાંથીજ ઉત્પન્ન થાય છે.

39. રાણી એકલી પુરુષવેષે ઘોડા ઉપર બેસીને પોતાના બાપના દેશ તરફના રસ્તા ઉપર ઘણી ઉતાવળથી મુસાફરી કરતી હતી. વેષ બદલ્યો હતો તે છતાં પણ તેને કોઈની સામું જોવાની હિંમત નહિ હતી. તે ધોરી રસ્તો મૂકી આડે અવળે ઠેકાણેથી જંગલ, પહાડ, તથા વિકટ રસ્તે જતી હતી; તે કોઈ પણ ગામમાં વાસો કરતી નહતી; પણ કોઇ જંગલમાં એકાંત સ્થળ જોઇ ત્યાં રસોઇ પાણી કરી બપોર ગાળતી, તથા તેવેજ ઠેકાણે રાત્રે વાસો કરતી.

કેટલાએક દહાડા સુધી એ પ્રમાણે મુસાફરી કરતાં કરતાં એક મોટા અરણ્યમાં તે જઈ પહોંચી. તે જંગલ ઘણું ઘોર તથા બીહામણું હતું. તેમાં ઝાડો તો એટલાં હતાં કે ખરે બપોરે ત્યાં તડકો આવી શકતો નહિ, તથા ઝાડોની ઘટાથી ત્યાં સદા અંધકાર રહેતો. આગળ પાછળ નાના મોટા ડુંગરાઓ હતા. પવનથી ઝાડનાં પાતરાં હાલતાં તેથી ત્યાં નિરંતર શબ્દ થયાં જ કરતો.

40. ફરતાં ફરતાં એ થાકી ગયો, પણ શહેરનો પાર આવ્યો નહિ. લોકો એવા બેદરકાર અને ટિખળી માલમ પડયા કે કોઈ તેને રસ્તો બતાવે નહિ. કદાપિ બતાવે તો એવો આડો કે કયાંનો કયાં એ બિચારો પરદેશી કૂટાયાં જ કરે. કોઈ મોટું મકાન જુએ કે એના મનમાં એમ લાગે કે આ પાદશાહનો મહેલ આવ્યો; પણ તપાસ કરતાં જણાય કે એ તો કોઈ સાધારણ વેપારી કે મુત્સદ્દીનું ઘર છે. કોઈ ઠાઠભર્યો રસાલો જતો દેખે કે ધારે કે પાદશાહની સ્વારી હશે, પણ પૂછતાં એનું નામ કોઈ દિલ્હીમાં જાણતું નથી એવો તે અપ્રસિદ્ધ નીકળે. એમ રખડતાં રખડતાં અને ભમતાં ભમતાં સાંજ પડવા આવી, પણ પાદશાહની કચેરીનો તો કાંઇ પણ પત્તો લાગ્યો નહિ. તેથી પાછો વળ્યા અને ઉતારો જડતાં એટલી મુશીબત પડી કે થાકીને લોથ થઇ જઈ વગર ખાધે ને પીધે એક સાદડી ઉપર જ સૂઇ ગયો.

41. આ વખત ગિબનને સખત કસોટીએ કસાવું પડયું હતું. તે સ્વભાવે શરમાળ હતો, અને હળવા મળવાનું તેને પસંદ ન હતું. ફ્રેન્ચ ભાષાનું તેને જ્ઞાન ન હતું. વય પણ તેનું બહુ ન્હાનું હતું. અને આ ગેરફાયદાઓની સાથે તેને તદ્દન અજાણ્યા લોકોની અંદર આવીને કોઈની પણ સોબત વિના રહેવું પડયું હતું. પરદેશની મુસાફરીથી મનમાં ઉત્પન્ન થતી જાગૃતિ અને નવાઈની લાગણી શાંત પડી ગયા પછી પોતાની ખરી સ્થિતિ તેના સમજવામાં આવી ત્યારે તેના દિલમાં દિલગીરી લાગી. ઑક્સ્ફર્ડમાં પોતે જે મોજ

મજાહ અને સ્વતંત્રતા ભોગવતો હતો તે મૂકીને એક નીશાળીઆની પરતંત્ર અવસ્થામાં તેને આવવું પડયું હતું. તેને જે હાથખર્ચી મળતી હતી તેને બદલે હવે દર માસે એક નાની સરખી રકમ મળવા લાગી. તે કહે છે કેઃ—"કોલેજમાંના મ્હારા સુંદર ઓરડાને બદલે મ્હારે હવે એક સાંકડી અને અંધારી ગલ્લીમાં એક નાની સરખી ઓરડીમાં રહેવું પડતું હતું." તેની આખી જીંદગીમાંનો જે ભાગ ઘણોજ લાભકારક નીવડયો, અને થોડો વખત ગયા પછી જે તેને ઘણોજ આનંદદાયક થઇ પડયો, તેની શરૂઆત અહિંથી થઇ હતી.

42. (અ) વખત તું કેટલો ફીનાખોર અને કેવો ઘાતકી છે! અરેરે, ખીલેલા કમળ સરખું તે કિલ્લાનું મેદાન, આરસ જેવા ઓપતા તે ઓવારા, માણેકના ચોક જેવી તે મુગલીસરાહ, નંગમાળ જેવું તે નાણાવટ, ચાંદ જેવું તે ચૌટું, રસે રાતો કસુંબા જેવો તે રહીયા સોનીનો ચકલો, બામદાદના રંગ જેવી તે બહરાનપુરી ભાગોળ, ને ગોકુળ જેવું તે ગોપીપરૂં, કયાં કયાં ઉડી ગયાં?!

(બ) બાળકો ભૂખથી રૂદન કરે છે. નગરમાંથી અન્ન હવે મળતું નથી; નથી મળતાં કંદ મૂળ કે ફળ. બે દિવસ થયાં જળ પીને રહીએ છીએ. આપણા ઘરમાં ધાતુપાત્ર નથી. સમ ખાવાને ઘરમાં સાજું વસ્ત્ર પણ નથી. જેમ જળ વિના વાડીનાં વૃક્ષ સુકાઇ જાય, તેમ અન્નરસ વગર બાળકો સુકાઇ ગયાં છે. ઠંડીથી થરથરતાં બાળકો રોઈને રાખમાં પેસી સૂઈ રહે છે; હું તેમનું દુઃખ દેખીને બળી જાઉં છું. ઘર નીચાં અને ભીંતો પડી ગઈ છે, તેથી કૂતરાં બિલાડાં અંદર પેસી જાય છે. બાળકોને નખ તથા જટા વધી છે અને માંહેથી રક્ષા ઉડે છે. આપ દર્ભની ફાટી તૂટી સાદડી પર પડી રહો છો, બીજે ત્રીજે કે ચોથે દિવસે આહાર કરો છો, તેથી મારૂં કાળજું બળી જાય છે; પણ હું શું કરૂં?

(ક) અંગ્રેજી છંદ આપણી કવિતામાં ઉતારવાનો પ્રયત્ન શી રીતે વ્યર્થ નીવડે છે તે બતાવવાને આટલું વિગતમાં ઉતરવું પડયું. અંગ્રેજી

તથા ગુજરાતી છંદના પ્રાણભૂત તત્ત્વ વચ્ચે મૂલગત ભેદનું પરિણામ જેમ અંગ્રેજી છંદ ગુજરાતીમાં આણવાની અશક્યતામાં આવે છે તેમજ—અથવા તેથી પણ વિશેષ રીતે—ગુજરાતી છંદ અંગ્રેજીમાં આણવાની અશક્યતામાં પણ દર્શન દે છે. આ ઉત્તરોક્ત પ્રયત્ન કેવો હસનીય થાય છે તે સર્વને અનુભવગમ્ય છે.

43. પ્રાણી માત્ર ઉપર સમભાવ રાખી દયા કરો. દયા એ ધાર્મિક મનુષ્યોનું સામર્થ્ય અને અવલંબન છે. તમારા પર નિર્દયતા વપરાઈ હોય તો તેનો બદલો દયાથી વાળો; જેમ ચંદન વૃક્ષને કુહાડી કાપે છે તેમ તે તેને સુગંધી આપે છે. તમારાં પુત્રપુત્રીઓને બાળ-પણમાં ગૃહ કાર્યમાંથી થોડો વખત કાઢીને સ્વધર્મનું શિક્ષણ આપો. તમે નિત્ય વિવેકભર્યાં અને પ્રીતિયુક્ત મધુર વચનો બોલો. મનુષ્યો વિષયસુખમાં લુબ્ધ થઇને પોતાની ઇંદ્રિયોથી કંઈ કંઈ અધર્મ અને અનીતિનાં કામ કરે છે. ઇંદ્રિયજિત થનારને હંમેશાં સુખ પ્રાપ્ત થશે. પરમાર્થબુદ્ધિનો કદિ પણ અનાદર કરતા નહિ. જે કોઈ મનુષ્ય બીજાને દુઃખ દેતો નથી પણ સર્વનું રૂડું ઇચ્છે છે, તે અક્ષય્ય સુખ ભોગવે છે. અધર્મથી સુખ મેળવવાની પાપરૂપ ઇચ્છા સ્વપ્નમાં પણ કરશો નહિ. પાપબુદ્ધિના માણસો કદાપિ તુરત દુઃખ ન દેખે, તો પણ વ્હેલાં કે મોડાં એ પાપનું ફળ દુઃખરૂપે તેમને ભોગવવુંજ પડે છે.

44. આશા રૂપી સુખ બીજાં સર્વ સુખની પાછળ છતાં સર્વથી મોટું છે. જગત્માં કોઈ એવું કમનસીબ માણસ નથી કે જેને તેનો લાભ નહિ મળતો હોય. એક વિદ્વાન્ લેખક જણાવે છે કે:—"જેની પાસે બીજું કંઇએ નથી હોતું તે પણ આશાએ આશાએ દહાડા કહાડે છે." ગરીબનો મોટો આધાર આશા ઉપર છે:—તે તેમનો રોટલો છે એમ કહીએ તોપણ ચાલે. મોટી વિપત્તિના સમયમાં પણ મનુષ્યોનાં જીવન આશાની દોરીએ બંધાયલાં રહે છે, અને તેજ તેમના પ્રાણનું રક્ષણ કરે છે. વીર પુરુષોને પરાક્રમી થઈ વિજય મેળવવાની પ્રેરણા કરનાર આશા છે, અને તેમનો ઉત્સાહ ટકાવી

પણ તેજ રાખે છે. મ્હોટા અલેગ્ઝાન્ડર બાદશાહ મેસીડોનની ગાદી ઉપર આવ્યો ત્યારે પોતાના પિતા તરફથી વારસામાં મળેલી જાગીરનો મોટો ભાગ પોતાના મિત્રોમાં તેણે વ્હેંચી દીધો, અને જ્યારે કોઇએ પૂછ્યું કેઃ—" આપે આપને માટે શું રાખ્યું છે ?" ત્યારે તેણે જવાબ દીધો કેઃ—" સર્વથી મ્હોટામાં મ્હોટી મીલ્કત આશા !"

45. આમ મારૂં બચપણ ગયું. મોટાં ઘરોમાં જેમ બને છે તેમ કેટલીક વાર અમારે ત્યાં પણ વાસણ ખખડતાં. જ્યારે આ ઝઘડા મોટું સ્વરૂપ લે ત્યારે પિતાશ્રી ગુસ્સે થાય અને એમને એમજ લાગે કે આ બધું સ્ત્રીઓની બેવકૂફીને લીધે છે. આમાં મને તો કંઈ સમજણ જ ન પડતી કે શું થયું છે. પણ હું એટલું તો કળી જતો કે કંઈક ખટરાગ થયો હોવો જોઈએ. કારણ કેટલાંક માણસો તપીને અથવા કોચલુંકસાણું બોલતાં હોય, અથવા તો સાવ અબોલા લઇને બેઠાં હોય. મને બહુ દુઃખ થતું. જ્યારે પિતાજી વચ્ચે પડતા, ત્યારે સૌના હાંજા ગગડી જતા. તે દિવસોનો એક નાનકડો પ્રસંગ મારી સ્મૃતિમાં હજી તરી રહ્યો છે. હું સાત આઠ વરસનો હઇશ. હું રોજ ઘોડેસ્વારી કરવા નીકળતો, અને અલ્હાબાદમાં તે વખતે જ પડાવ નાખીને પડેલી લશ્કરી છાવણીમાંનો એક સવાર મારી સાથે આવતો. એક સાંજે હું પડયો અને મારો ટટ્ટુ—અર્ધો આરબ ઓલાદનો ફક્કડ ટટ્ટુ—મારા વિના ઘેર આવ્યો. પિતાએ તે દિવસે મિત્રોને ટેનિસ રમવા બોલાવ્યા હતા. ઘરમાં ખળભળાટ મચી ગયો, પિતાશ્રીની આગેવાની નીચે બધું મિત્રમંડળ જે કોઈ વાહન મળ્યું તેમાં બેસીને સરઘસની જેમ મારી શોધમાં નીકળી પડયું. મને તેઓ રસ્તામાં મળ્યાં, અને જાણે મેં એક ભારે પરાક્રમ કરી નાંખ્યું ન હોય એમ તેમણે મારૂં સ્વાગત કર્યું.

46. તપાસ દરમ્યાન રાજાએ જાહેર કર્યુંઃ "કોઇપણ પ્રજાને તેના રાજા સામે કામ ચલાવવાનો હક નથી." સામાન્ય સંજોગોમાં આ કથન સાચું ગણાય ખરૂં; પરંતુ જો રાજા પોતાની મર્યાદા છોડે,

જો તે આપખુદીથી રાજ્ય કરે, જો તે પ્રજાનાં સુખશાંતિ કાયમને માટે જોખમમાં નાખવાનાં કાવતરાં કર્યાંજ કરે, તો પછી શું પ્રજા હાથ જોડીને બેસી રહે ને તેનો જુમલ સહ્યાજ કરે? એક તરફ એક માણસની જીદ અને આપખુદ અમલની તૃષ્ણા હતી, જ્યારે બીજી તરફ આખા દેશની પ્રજાની સ્વતંત્રતા અને સુલેહશાંતિના સંરક્ષણનો પ્રશ્ન હતો. સામાન્ય બુદ્ધિનો કોઇપણ માણસ એમ કહે છે કે જો ચાર્લ્સે પ્રજાની સ્વતંત્રતા પર તરાપ મારી હોય, જો તેણે પોતાનું વર્તન સુધારવા માટે તક મળ્યા છતાં આપખુદી ચાલુજ રાખી હોય, ને જો તે છેવટની ઘડી સુધી પોતાનાં કાવતરાંને લીધે લોકોના અવિશ્વાસને પાત્ર ઠર્યો હોય, તો પછી પ્રજાને તેના પર કામ ચલાવવાનો હક હોવોજ જોઇએ. ને આ બધું ચાર્લ્સે કર્યુંજ હતું એની કોણ ના પાડી શકશે? ક્રૉમવેલે અખત્યાર કરેલી રીત આપણે વખોડી કાઢીએ, એણે રાજાનો શિરચ્છેદ કરવામાં વધારે પડતી સખતાઈ અને સાવચેતી બતાવી એમ ગણીને તેનો આપણે વિરોધ કરીએ, તો પણ એક વાત આપણે સ્વીકારવીજ જોઇએ, ને તે એ કે આખા દેશના દુશ્મન બની બેઠેલા રાજાને પદભ્રષ્ટ કરવાનો દરેક પ્રજાને જન્મસિદ્ધ હક છે.

47. અકબર ઘણી કારીગરી જાણતો અને તેણે કેટલીક નવી શોધો પણ કરી હતી. બાદશાહને લખતા વાંચતા આવડતું નહિ, પણ નાનપણથી જ તેને વિદ્યા ઉપર પ્રીતિ હતી, અને વિદ્વાનોના સંગથી વગર ભણતરે તે મોટો પંડિત ગણાતો. તેની યાદદાસ્ત જબરી હતી, અને કારભારની ઝીણી ઝીણી હકીકતો પણ તેના ધ્યાન બ્હાર નહોતી. તે બહાદુર સિપાઈ અને સમર્થ સરદાર હોવાની સાથે સ્થાપત્ય, કળા, હસ્તાક્ષર, સંગીત, તત્ત્વજ્ઞાન, અને ઇતિહાસ વગેરેનો તે મોટો અભ્યાસી હતો. હિન્દવાસીઓ તેને રાજા વિક્રમ તથા ભોજ સાથે સરખાવવામાં ગૌરવ લે છે. અકબર સુફી હતો અને પોતે ખુદા, ઇશ્વર કે બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો છે તેમ માનતો. એના જેવો મુત્સદ્દી, રાજકારણમાં ચતુર, અને માણસની પરીક્ષા

કરવામાં બાહોશ રાજ્યકર્તા ભાગ્યેજ હશે. તેની આકાંક્ષાઓ એક સમ્રાટને છાજે તેવી હતી.

48. બર્કનું મન અગાઉ ઘણું દૃઢ હતું અને તેના પર ભૂલભરેલા વિચારો કે મનોવિકારો અસર કરી શકતા ન હતા; પણ હવે તે આ બનાવો, જેથી હજારો માણસોનાં મગજ ખસી ગયાં, તે જોઇને ઠેકાણે રહ્યું નહિ. વળી આજ સમયે તેના પર કુટુંબની એક મોટી આફત આવવાથી તેના સુસ્થિર મનને પણ ચલિત થઈ જવામાં મદદ મળી એમ જે કોઈ તેના છેવટના ગ્રંથોના વિચારો તથા તે પ્રસિદ્ધ થયાનાં વર્ષોનો મુકાબલો કરશે તેને માલમ પડ્યા વિના રહેશે નહિ. તેનો એકનો એક પુત્ર, જે તેની આંખની કીકી અને હૃદયનો હાર હતો, અને જેને પોતાના અમર નામનો વારસો આપવાની તેણે આશા રાખી હતી, તે પુત્ર મરણ પામ્યો. તે એવો પ્રેમી અને દયાળુ હતો કે તેના સુસ્થિર મન પર પણ આ બનાવની ઊંડી અસર થયા વિના રહી નહિ. એ એકના એક પુત્રના મરણ માટે તેના ગ્રંથમાં હૃદયભેદક અને મર્મવેધક વાક્યો માલમ પડે છે. પોતે અપાર શોકમાં હોવાથી જગતને અરણ્ય સમાન ગણે છે, એમ તે ગ્રંથ ઉપરથી સારૂ જણાય છે. તે લખે છે કે "હું વિપર્યસ્ત થઈ ગયો છું. જેઓ મારી પછી આવવા જોઇએ તેઓ મારી પૂર્વે ચાલ્યા ગયા છે. જેઓ મારી આગામિની પ્રજા થવી જોઇએ તે મારા પૂર્વજોને ઠેકાણે થઈ છે. વાદળું મારા ઉપર ફરી વળ્યું છે અને મારા આશ્રિતોનો નાશ કરી મને જીવતું મૂકી ગયું છે. મેં સર્વ કીર્તિ ખોઈ છે. મારો સમૂળો નાશ થયો છે. હું છેક નિરાધાર સ્થિતિમાં પૃથ્વી પર પડેલો છું."

49. બાળક પોતાની મેળે જેમ બને તેમ મનને પુષ્ટ કરવાની તજવીજ કરે એવી રીતે ઉત્તેજન આપવું; અને તેને પોતાની મેળે શોધ કરતાં શીખવવું જોઇએ, અને તે ઉપરથી અનુમાન પણ તેનેજ કરવા દેવાની ટેવ પાડવી. આવાં કામમાં શિક્ષકે મદદ આપવી, પણ જેટલું બને તેટલું તેના હાથમાં રહેવા દેવું. તેને જેમ બને એમ

થોડું કહેવું. અને તેની પાસે જેમ બને એમ વધારે શોધી કઢાવવું. ઘણી વાર એમ બને છે કે જે વાતો તેને મનોરંજક લાગે છે તથા જે સમજવામાં તેનું મન ગુંથાયેલું હોય છે તે ઉપરથી આપણે તેનું મન મૂર્ખાઇથી ખસેડી લઇએ છીએ. તેની આગળ ગુંચવણ ભરેલી વાતો મૂકી આપણે તેને કંટાળો આપીએ છીએ. એથી તે જ્ઞાન બાળક પચાવી શકતું નથી, અને શીખવા તરફ તેનો અભાવ ઉત્પન્ન થાય છે.

50. માણસની દશા બદલાય છે તેમ આ સ્થાનને પણ વારાફેરા અનુભવવા પડયા હતા. યાત્રાળુઓની મોટી ભીડનો અને મ્હોટા મેળાઓનો કાળ ગયો. પછી તીર્થ ગોઝારા જેવું થયું. વળી મલ્લરાજના સમયમાં તેનો જીર્ણોદ્ધાર થવા લાગ્યો. વચ્ચે આ દહેરાંઓ ઉપર લીલોતરી ઉગી હતી, અને લીલ બાઝી હતી, અને લુણો લાગ્યો હતો; તેને સ્થાને આજ સર્વ સાફ અને ધોળાવેલું હતું. માર્ગમાં પ્રથમ ઘાસ ઉગતું અને પથરાઓ નડતા, તેને સ્થાને હવે ઘાસનું નામ દેખાતું ન હતું અને સાફ બાંધેલો માર્ગ હતો. દહેરાંઓ પાસે કાગડા ઉડતા હતા તેને સ્થાને બીજાં પક્ષીઓ જણાતાં હતાં. કુવાઓનાં થાળાં ભાગેલાં અને પાણી ગંધાતાં હતાં ત્યાં નવાં થાળાં અને મીઠાં નિર્મળ પાણી થયાં. દહેરાંનાં ભાગેલાં પગથીયાં નવાં સમાં કરાવેલાં હતાં તેમાં વચ્ચે વચ્ચે દાણા વેરાયલા જોવામાં આવતા હતા. તેથી શ્રદ્ધાળુ સ્ત્રીઓનો પગસંચાર જણાતો હતો. જુની નિશાનીમાં માત્ર એટલુંજ જણાતું હતું કે લીમડા, પીપલા, વડ વગેરે પવિત્ર વૃક્ષોએ દહેરાંઓની ભીંતોમાં, ઘુમટમાં અને નળીઆંમાં પોતાની શાખાઓ પેસાડી દીધી હતી. તેને કાપી નાંખવાનું કામ વૃક્ષમાં પણ જીવ ગણનાર દયાળુ વસ્તીને ગમ્યું ન હતું. અને જેમ અનેક પ્રાચીન આચારને આપણે પ્રીતિથી આપણી આસપાસ વીંટાવા દઇએ છીએ તેમ આ પ્રાચીન ડાળાંઓ અને પાંદડાંઓને પણ દહેરાંઓની આસપાસ નિરાંતે વીંટાઈ રહેવા દીધાં હતાં.

Chapter XII

NOTES

1 હું......ભેટે I sat there panic–stricken for some time. જેણી......હરકત જણાય Wherever I cast my eyes I saw danger and fear. મારી......હતું A terrible forest extended over many miles around me. ફાડી ખાનારાં...વસતાં હતાં Many carnivorous animals lived there વળી હું......માંડી As I was alone, I began to lose courage. મને લાગ્યું......આવી બન્યું I thought I was doomed. વગડો a jungle, a forest. પરદેશી a foreigner. જગત્કર્તા=Lord of the Universe. આવા......નજર ગઈ=Though sunk in such a sea of misery, my eyes fell casually on the beautiful green grass that had grown there. જે કરે છે He who plants, waters and brings to perfection such an insignicant thing. આવા......આવી Such thoughts emboldened me. મનમાં મળશે Had a firm faith that I would get help. ખરે......આવી Indeed my hopes were realised.

2 સર આઇઝક......Owing to the erudition and sociable nature of Sir Issac Newton people sought his company very gladly. નિયમિત ઉપયોગ કરવો=to regulate. વહેલાં ઉઠી......કરવાથી As he got up early and worked regularly. વાંચવાને......મળતો He got time to read and compose books મીણબત્તી...... બાળી મૂક્યા Upturned the candle and reduced to ashes

the valuable papers that had been placed on the table. આ વાત......ત્યારે=When he came to know of this. તેં......સમજ નથી Little dost thou know what mischief thou hast wrought. જ્ઞાની A philosopher. નમ્ર=Modest; humble. મહાસાગર......લાગતું હતું He thought that his state was just like that of a child gathering pebbles on the shore of an ocean and he had still to explore the sea of truth.

3 રાજા ભૂવડ......જતો King Bhuvad, though very brave and sensible, was often duped by his flatterers ગામાદિક Villages and such other things. તેમના......રહેતો Relied upon them. ગુણ......થતી નહીં. There was no real test of merit. ખરાં......ઠગાતા As he could not distinguish between true praise and false, he was duped by selfish persons. આ ખોડ...થાય છે This draw-back leads to the ruin of many kings. ભૂવડને...હતો fortunately for Bhuvad it so happened that. એમ......જરૂર પડતી Despite all this, they were obliged to keep the king in the dark about certain matters; આંધળા પાટા બાંધવા=to hoodwink. ભૂવડ...હતો Bhuvad was a braggart. જેમ ધન...હતો He was as greedy of wealth and kingdom as he was ambitious of fame. સત્ય......લાભ થતો One who told him pleasing words profited more by his favour than he who told him the truth. એનાપંડ ......જશ મળ્યો Everything went on well during his

regime and he got fame by the power of his personality. પણ કપટ......પડતી થઇ But the habit of treachery and falsehood which the servants of his court contracted led to the downfall of his weak descendants. જૂઠ......કામ બગડયું Disunion and such other vices crept in with falsehood, and hence matters went from bad to worse after his death.

4 આ સમજણ ખોટી છે This is a wrong notion. ખોરાક......જોર આવે We get as much strength as there is blood in our body and the formation of blood depends upon the digestion of food. અપચો ......પડાય છે The machine of the body is thrown out of gear by indigestion and we fall ill. એમ ......થાય છે By doing so the body becomes emaciated and lean. જેટલું......ખાવું We should take only that much food which can keep our body active and with which we feel sated. સાધારણ રીતે Under ordinary circumstances. એની... ...મેળે Of its own accord. કેટલાક......કરે છે Some people observe fasts as prescribed in their religions એમાં......નથી But even in fasts it is not wrong if one does not transgress the bounds of moderation. એથી......કસાય છે By fasting the body is accustomed to do without food for some time and thus undergoes a sort of discipline. કેટલાક......જમે છે Some people eat excessively

greasy and sweet substances. ઘી-ખાંડ ......છે Ghee and sugar are advantageous to the body in moderate proportion. પણ......ભૂલ છે But it is wrong for the people that, when they get a sweet dinner, they eat at a time like gluttons as much food as would make two or three meals for them. પીવાની ચીજ Articles of drink.

5 માધવે......સાંભળી Madhav listened to all this very attentively. જો......હતી It was his chief aim to win the love of the people by acting accordingly if possible. માધવ.........નહોતું The ministership of Madhav was not hereditary. પહેલાં...રહ્યો At first he was appointed as a paymaster. ત્યાં......મળી And as he showed smartness, ingenuity and honesty in this work he was promoted to the post of a commissary ધીમે ધીમે By and by. સારંગદેવ......થયો On the death of Sarangdev there was a dispute for the throne among his sons and in it Karan was installed on the throne by the cleverness and conspiracy of Madhav. તે......ઉદય થયો From that day Fortune smiled on Madhav; the star of Madhav was in the ascendant. દરેક......હોય છે In every state the post of a prime minister is high and responsible. તેને......હોંસ હતી He had a great desire to be popular with the subjects and to perpetuate his memory by doing good and useful work

for the people. આગલા......ખોટો થયો As the ministers of some of the former kings were banias, those people thought that by the appointment of Madhav their right was superseded. માટે......ચાડી કરતા હતા So on every occasion they poisoned the king's ears against Madhav. તેની......કરવી પડતી Madhav had to devise many plans to thwart them.

6 ઘણી ઉદાસ વૃત્તિમાં=In a very sad mood. સુવાને ફાંફાં માર્યાં=Strove vainly to get sleep. પછાડા મારવા=To toss oneself. તખ્તો=A canvas. યાદ આવ્યા=He was reminded of આંખ આગળ આવ્યા=Recollected, remembered. ઉમેદ=Aspirations. શેખચલ્લીના વિચાર કરવા=To build castles in the air. તેની...જુવાની......ગયા=The aspirations he had formed in his mind when he attained his youth and the castles in the air he had built began to issue one after the other from the store-house of his memory. ઉલટા સુલટા વિચાર=Conflicting thoughts. હારબંધ આવતા=Came in succession. તેની આશા......ગઈ=His hopes continued to be fulfilled. તે......ગયો=He went on rising in position. આફતો......પડી=Calamities befell him. પદ્મિની=A damsel. ગડબડાટ=A scuffle. સતી થઈ=Burnt herself alive after her husband. હોદ્દો=A position. મુલાકાત=An interview. કબુલત=Consent તેની છાતી ભરાઈ આવી=His heart was filled with grief. મનમાં...... આવ્યો=His mind was so much perturbed that. મ્લેચ્છ=Foreigners; infidels. વેર......થયું=His sense of revenge was satiated. પસ્તાવો=Remorse.

7 દરવાજો ઉઘડાવ્યો=Caused the gate to be opened. દરવાન=A gate-keeper. થોડા પૈસા=A few coins, શરદ મહીનાનો ચંદ્ર=The autumnal moon. ખીલી રહ્યો હતો=shone in full glory, ચાંદરણું=Moonlight. રૂપેરી રંગનું=Silvery white તેમાં...પડતી હતી=Green grassy patches that lay in the midst appeared like a ring of sapphire on the finger of a lady of white complexion. પાણી...કરતા હતા=Frogs were croaking in bogs. કંસારી......હતી=Crickets were incessantly chirping. સાપ......હતો=The hissing of snakes was heard. સ્મશાન=A cemetery. ચાંદરણા...... અંધારૂં પડતું હતું=Moon-light was chequered with the shades of trees. સ્મશાન......લાગતી હતી=The very name of cemetery struck terror into the heart of a person, તાપણું=A fire lit on the ground. કુંડાળું ફરતાં=Going round in a circle, circumambulating. તમાસો=A spectacle. ખંજર=A poniard, a dagger. મનમાં......હતી=Was little afraid. ખવાસ=The attendant. હાથજોડી=With hands folded. ડાકણી=A witch યક્ષણી=An evil spirit, પિશાચ=a goblin, વંતરી=a hag. તેઓ......ફળ નથી=It is no use going to them. કરણ... ...છોડતો નહીં=Karan never gave up the matter when once he took it into his head. વળી........ લાગે=Again if he did not go there through fear, it would be considered a slur upon the bravery of a Rajput. ગમે તે થાય તોપણ=Whatever might be the consequences.

8 આબાદી=Prosperity. ના ઉપર આધાર હોવો=to depend upon વિદ્યા વધારવી=to diffuse education. ભણ્યા વિનાનું=illiterate. ઉપાયો કરવા=To adopt means સ્વદેશ પ્રેમ=Patriotism; love for one's country. રાજ્યના અમલદારો=Officers of the state. કોઈપણ......નહિ=No one suffers in the least. કાયદેસર=Constitutional. અસલને ઈશ્વરી ધર્મ=Ancient theism. પાછળથી=Subsequently ગોટાળા=Humbug, misinterpretations જે ગોટાળા......થયા હોય=The humbugs that have crept in વ્હેમો=Superstitions. હુન્નર કળા=Arts and industries. વધવું=To develop ધંધા રોજગાર=Trades and professions. નવી નવી ખાણો નીકળે=New mines may be discovered. જોઈતી ચીજો=Necessaries of life. પરદેશ= Foreign countries.

9 ગુર્જર દરબાર=The court of Gurjars, પિંગળ શાસ્ત્ર=The science of prosody. જીભને ટેરવે=At the tip of the tongue પ્રાકૃત કવિતા=Vernacular poems. મ્હોડે હતા=had by heart. શીઘ્ર કવિતા=impromptu verses. પદવી=a title. હીરે જડેલા=set with diamonds. સોનાનો ચાંદ=a gold medal. કોતરાવવું=to get engraved. મોતીનો કંઠો=a necklace of pearls. પરોવવું=to string. વખાણવા જોગ=praiseworthy. ગુર્જર......કરતો=He tried with his body, mind and wealth for the good, the rise and the greatness of Gurjaratra. માતાનો પક્ષ કરવો= To side with the mother. અવિચારી=Thoughtless; rash. ચડાઉ=conceited, irascible સ્વદેશાભિમાનનો આવેશ= intensity *or* ardour of patriotism વિવેકની મર્યાદા=Limits

of discretion; bounds of decorum. માઠું લાગવું=to take offence, to be offended પરદેશી દરબારો=Foreign kings.

10 જે માણસમાં જૂઠીજ......છે=A man who is fired with true patriotism thinks and acts quite differently from this. તે......કરતો નથી=He does not make empty boasts about his country simply for the sake of bragging. ખામી=a flaw; a draw-back. નજર દૂર કરવી=to connive at; to wink at. ખંતથી ખોળી કહાડે છે=earnestly finds out. મ્હેણાં=taunts. બહુજ લાગવું=To feel very keenly. પણ તેની......કે નહિં=But instead of waging a war of words with him he questions within himself if there is any real ground for those taunts, અને......તત્પર રહે છે=and if there is a real ground for those taunts instead of indulging in a bootless hot discussion with the fault-finder, he is always on the look-out to contrive means for the removal of those defects. ઢાંક પીછોડો કરવો=to cover up; to conceal; to camouflage. એને પોતાના......પણ નથી=It is not that he takes very little pride in his country, rather no one else takes as much pride in it as he. પોતાના......પડતો નથી=hear-ing of his country being disparaged his heart is more deeply wounded than anybody else's is. પોતાના દેશની......થતું નથી=On hearing the praises of his country sung, no one feels prouder than he does. એને પોતાના......લાભકારક અભિમાન છે=He is very proud of his country, but at the same time, his

is a pride which is legitimate, wise, and beneficial in its results. (Note the insertion of the article before *pride.*) તે ખંતી......છે he is very anxious to see his country worth being proud of ખોટું માન ......કરતો નથી False and undue respect he takes in the light of dishonour, and so he does not lay claim to undue (*or* undeserved) respect for his country.

11 એવા તેઓને......કરવા To exert ourselves to the utmost in order that. ધંધા રોજગાર વિનાનું રહેવું to remain unemployed શક્તિ parts; powers. દબાઈ જવું to be crushed; to be suppressed. ઘરસંસારની બાબત the worldly affairs. સ્વતંત્રતા independence. જાળવવું to preserve.

12 માણુસનું......છે ! how fickle and vacillating the mind of man is! (Note the position of the verb). અતિ ઘણો મોહ રહેવો to have a great fascination for. અર્પણ કરવું to dedicate તન, મન અને ધન body, mind and fortune; કેવું......આશ્ચર્ય how he will preserve and enjoy it, that he cannot live even a moment without it, and wonders how he did without it so long. (Mark the uses of 'to do.') તેની કિંમત... ભળી જાય છે its value diminishes like a line of water and what seemed a diamond from a distance appears to be a piece of glass when in possession, and so it mixes with other useless things ફોકટ શ્રમ vain endeavours વહી જાય છે passes away.

અને જે......જતું જાય છે and the happiness for the acquisition of which he sacrifices his precious life goes far and far like a will–o'–the wisp.

13 ખાદી Khaddar. મધ્યમવર્ગ the mediocre class. મિથ્યા ડોળ અને ભપકો ostentation and false show. આમવર્ગ સાથે......કેળવાઇ the feeling of comradeship with the masses has been fostered થી ઉત્પન્ન થતી શરમની લાગણી the sense of shame engendered by. કાવકા practical. રાષ્ટ્રની......બન્યો It became the recognised uniform for the emancipation of the country.

14 કીર્તિને......થાય છે her honour rooted in dishonour stands પુરૂષાર્થ manliness જગતમાં......પડી છે the Indians have been stamped and stigmatized as superstitious and stupid in the world, નિર્ધનતાની આણ ચાલવા લાગી છે Poverty has begun to proclaim herself ખોટું......ખોટું નથી there can be no mistake so great as to cherish a false notion of mistaken pride રોગને ઓળખવો to diagnose the disease ઇલાજ કરવો to take the remedy ઘેલછા craze; idiosyncrasy.

15 ઉત્તમ...ખરૂં It is true that one can obtain the power of elocution of a very high order, if not of the best type,by suitable efforts and training. અનુકૂળ adequate. સાધી શકાય છે=Can be obtained. સમાગમ Contact (with). વક્તાઓ Speakers મંડળો

Societies અભ્યાસ practice; habit. પ્રજાકીય જીવન Public life. અગ્રભાગ Prominent part. ઉમેદ Desire. જેને વકીલાત જેવા બોલવાના ધંધાની અપેક્ષા હોય છે Those who are desirous of taking up the profession like that of a pleader, which requires eloquence આવશ્યક necessary. શ્રમથી By dint of efforts. ઘણી સારી રીતે આવે છે is acquired well દેખાવ scene, spectacle. હસનીય Ridiculous. કારણ એવા......જાય Because cases occur in which as soon as a man gets up to speak, his words, ideas, and power of repartee–all vanish. કેળવી કેળવાય છે Is developed with efforts. ભાષણો Speeches, lectures. વિચારોનો ફેલાવો થઇ શકે Thoughts can be disseminated. સરળતાથી With ease. પ્રમાણ Proportion. સામાજિક Social. રાજકીય Political સુધારા Reforms. સધાય છે are made, introduced વક્તાઓના બળે by the efforts of speakers પુસ્તક મનન study of books. અપવાદ રીતે Exceptionally અધમ પંક્તિ Lowest type. દેશ દ્રોહક a traitor જાદુઇ શક્તિ magical power. હિતસાધક Working for the good વક્તૃત્વ કળા Art of speaking સામાજિક સેવા Social service.

16 માનસિક અને નૈતિક mental as well as moral. સમુદાય Collection; aggregate જુદો પાડે છે. Differentiates (from.) વ્યક્તિત્વ Personality; individuality. અગત્યનું Important. મંદધી Dull-headed; clod-pated. અવાધ Limit. નૈસર્ગિક રીતે Naturally; by nature. ઇમારત Structure. ભવ્ય grand, majestic. મૃગજળવત્ as futile as a mirage.

17 ચરિત્ર A biography થયો flourished જુદાં વિચારના હતા Were divided in their views કઈ તજવીજે By what means દષ્ટાંતરૂપ અને શિક્ષણીય થાય છે. Serves as an example and a guide to us અસાધારણ Extraordinary પ્રગટ public અપ્રગટ private નિન્દ્ય Censurable બોધ Lesson, moral, ચરિત્ર દર્પણ The mirror of their biography દીનહીન સ્થિતિ Extremely poor condition, abject poverty. ઉદ્યમથી By dint of industry સ્વાર્થસુખ Personal happiness પરાર્થ અને પરમાર્થ The good of others and the good of all, શ્રમત્રાસ ...મૂકતાં Persisting in the endurance of fatigue and oppression ઉમંગ Zeal ખંતી રહી By perseverance હીણી દશા Miserable state ઉત્કર્ષ Rise, Uplift શિક્ષા ગ્રહણ કરવી To take the lesson આગળ પડે છે Come into light, come into prominence મહાપુરૂષ......કરાવે છે Come to be regarded as great men.

18 રંભા a fairy અપ્સરા a celestial damsel આભાસ પડવો to reflect પારદર્શક transparent લોહીની નસો the veins of blood કદ stature કાંઇક મોટું a little taller અવયવોનો ઘાટ the make of limbs તેની ચાલ હંસના જેવી her gait (*or* carriage) was swan-like તેના...હતી there was honeyed sweetness in her speech ઉદાસી કાઢી નાખવી to dispel his tedium; to beguile his ennui મોહનમંત્ર magical incantation મોહિત કરતા infatuated ઓર્ફિયુસ વીણા the lute of Orpheus સ્વાભાવિક વૈરભાવ natural antipathy એક બાજુ પર મુકી laying aside સ્થિર કરવું to become motion-

less પાળેલાં pet અનુપમ રૂપ matchless beauty ભુરકી નાખવું to enchantજન જનાવરો the inmates નીકળશે would prove આ ઇશ્વરની......વિના રહે Who would not be struck with admiration at beholding such a perfect specimen of God's workmanship?

19 ગૃહ સંસ્કાર home-education. આધાર ઠરે છે depends upon. સુબુદ્ધિ good sense સુશીલતા good character સ્ફુરિત developed વ્યવહાર worldly matters વ્યવસ્થા રાખવી to keep order. દૂરદર્શિપણું far-sightedness. સ્ત્રી પુરૂષના વ્યાપાર duties of men and women, સ્ત્રી શિક્ષણ female education જેમ બને...જોઇએ All should try to increase as far as possible the number of good mothers in the country.

20 ઉત્કૃષ્ટ થવું to be successful. અનુકરણ કરવા માટે અતિ સુંદર અને સંપૂર્ણ દાખલો a beautiful and perfect model for imitation. સંપૂર્ણતાએ પહોંચવું to reach the acme of perfection. જનમંડળમાં પદવી a status in society. ચોકખું ઉત્કૃષ્ટ સદ્વર્તન sterling character. સત્તા કબુલ કરવી to acknowledge the sway. આપણી માનસિક શક્તિની ધાર the edge of our mental faculty. ઉપયોગથી by the wear and tear of use. ઘસાઇ જાય છે blunts. કટાઇ જવું to rust. આસ્થા faith.

(Notes on Passages for Std. VII)

21 દુનિયાના તખ્તા ઉપર upon the stage of the world કીર્તિના મુખમાં in the eye of Fame. અદ્ભુત કથા romances. ભવિષ્યની પેઢીઓ future generations; posterity. કવિતામાં in rhyme. વીરકાવ્યો epics. હાલરડાં lullabies. ખિસ્સાકાતરૂ pick-pockets; swindlers.

22 કામકાજનો ઓરડો an office. જીવજાન મિત્ર a bosom friend. મારો હાથ પકડયો caught hold of my hand. ચોધાર આંસુએ રડી પડયો wept bitterly. કળવું to infer; to guess; to surmise. આશ્વાસન આપવું to condole (with); to console. હૃદય ભગ્ન થવું to be broken-hearted.

23 બાપીકો વારસો patrimony. ઉડાવી દીધો squandered. વડીલોપાર્જિત મિલકત ancestral property. હરરાજીથી વેચવો to sell by auction. રકમ રોકવી to invest an amount. અમલમાં મૂકવું to put into execution. અમારા સંયુક્ત ખર્ચે at our joint expense.

24 ટોળીની માલિકીનું belonging to a tribe. ઘેરો ઘાલવો to lay siege to નું નિશાન બનવું to become the target of. કાંટાવાળું તીર a forked arrow. ટકી રહેવું to hold out. ઢાલ પર ઢળી પડયો fell on his shield. કુમકે આવવું to run to one's succour. સખત અને ભય ભરેલો grievous and dangerous. ઇરાનનો અખાત the Persian Gulf. તપાસ કરવા to reconnoitre. કાફલો a fleet. ત્રાસદાયક સંકટો terrible hardships. તત્પરતાથી readily. ગળું સુકાઈ જાય the throat would be parched. તીવ્ર keen. ઢોળી દીધું spilt.

25 તકનો લાભ લેવો to avail oneself of an opportunity. પહેરેગીરો sentinels; the line of granediers. જુવાન ઘોડેસ્વાર the young cavalier. ઉભી ટોપી ઉતારીને doffing his hat. આતુરતાભરી નજર સ્થિર કરી fixed his anxious gaze. માન esteem. જિજ્ઞાસા curiosity. મિશ્રિત mingled. તેના સુંદર ચ્હેરાને એટલી બધી માફક આવેલી હતી so much became his charming face. જોવા આવનારા spectators. આનાકાની કરી hesitated. ખભેથી...... ઢાંક્યો put the robe off his shoulders and spread it over the muddy place. ભક્તિ અને સભ્યતાનું કૃત્ય a chivalrous deed. સન્માનની લાગણી a sense of reverence. શરમનો આવેશ a sense of shame. નવા નમૂનાની of a new pattern. નજીવી trifling.

26 સત્તા ચલાવતો=exercised control, wielded sway, ruled. તરંગી=whimsical, eccentric. જુલમી= tyrannical. તત્પરતાથી=with readiness. હુકમ માથે ચઢાવતા- obeyed his order. વિશ્વાસ......મેળવ્યા હતા=had won his confidence and love. સખત બંદોબસ્ત=strict discipline. શારીરિક શિક્ષા કરવી=to inflict corporal punishment ના ઉપર કામ ચલાવવું=to prosecute નૌકા ખાતું=the navy. સડો=abuses ભરતી કરવી=to enlist; to recruit. પોતાની યોજનાઓ રજુ કરી હતી=had laid his schemes before government.

27 નામાંકિત famous. તેની કેળવણી ગુમાવવામાં આવી હતી his education was neglected. તેની......હતી he was of low extraction. વસુલાત ખાતું the Revenue Department. હલકો અમલદાર a petty officer. ઉતરેલો

descended; મૂળાક્ષરો alphabets. સાહસિક adventurous. લશ્કરની ટુકડી the regiment of an army. મોખરે મુકવું to place in front, appointed captain of. હકુમત authority, power. તેણે......,આપી he proved himself to be a man born for victory and power. મુત્સદી પુરૂષ a statesman મુકાબલો કરવો to rival, to compete, to vie with આની સાથે......ન હતો there was none who could vie with him in point of qualifications as a military officer or as a statesman. સામાન્ય વિનાશ general destruction. ટુકડા થઈ ગયા હતા were split up into pieces ભાંગેલા કટકા broken fragments. ભભકાદાર શક્તિ brilliant capacity સાવધપણું vigilance સખ્તાઈ strictness. રાજ્ય ચલાવવું to administer a state. જુલમગાર a tyrant, an oppressor. જુલમ oppression રક્ષણ કરવું to guard, to protect. પરંતુ ઓછામાં ઓછો ગુણ તેનામાં......હતો at least he possessed the quality of protecting his people against all other oppressions but his own. જુસ્સો spirit. સ્થાપન કરનાર a founder.

28 શરીરે સુદ્દઢ=strong in constitution; well-built. ખુશનુમા ચહેરાનો અને......મનોહર of a pleasing look and charming conversation. વિશાળ બુદ્ધિ far-reaching talent. તેનામાં......પુષ્કળ હતાં. He had a great deal of physical strength and activity. બેઉ... ......પરહેજગાર થયો became temperate in both (eating and drinking). એ દિવસો......થતા such days amounted to about three months in a

year. તેથી ઉંઘવા.......બેસતો so that setting apart only a few hours for sleep, he manytimes sat for the whole night to hear the discussions of learned men. બીજી.......વખત પણ on other days also ઘણી.......કર્યો નથી Very often he had to engage himself in warfare and no other emperor made so many reforms in the administration of the country. તેમ છતાં.......મળતો notwithstanding this, by his proper division of work and his tact of expediting, he could get plenty of leisure for study and recreation. તેને સાઠમારી.......શોખ હતો he had a fondness for seeing tournaments of animals, feats of physical strength, etc. તેમાં.......સંતોષાતી And he was very fond of hunting a tiger or of catching herds of elephants, for by doing so his extreme desire for enterprise and exercise was satisfied.

29 ખરા ધર્મ સમાજનાં લક્ષણ characteristics of a true church વાજું અથવા વાયોલીન વગાડતો=played on an organ or a violin. સફાઇથી પહેરેલા કાળા પહેરવેશમાં neatly dressed in black; dressed in a nice black suit. તેમનો રંગ રાખી રહ્યા=retained their beauty. એની સીધી.......દર્શાવતી હતી=his straight and manly gait bespoke fearlessness and courage. મહત્ત્વ=dignity. સ્વાભિમાન=self-respect. તરી આવે છે=is visible. એને લાયક=befitting him. ને બક્ષવામાં આવ્યો હતો=was gifted with એના દર્શનના.......મુક્યા હતા=the invisible regions

higher than the objects of sight which were denied to his physical eyes were left open to his mental eye.

30 ત્રણસેંથી વધારે વર્ષ પહેલાં more than three hundred years ago કઢંગા awkward. ઘણો તરેહવાર... માણસ a strange-looking man of noble bearing. ગૂઢ subtle; mysterious એનાથી દૂર રહેતા avoided him; gave wide berth to him. કંઈ માગણી કરતો હોય તેવો ચહેરો ધારણ કરતો would assume a beggarly countenance. ચીંથરેહાલ in tattered clothes. ડોળ appearance જરા પણ રીતે in the least પ્રકાશથી ચમકતી shone with lustre. ભાન an idea. પરવા રાખતો નહોતો did not care for તાકીને જોતા looked steadfast at him; gazed at him with steadfast eyes તેની શાંતિ...... નહોતી his peace was not disturbed. ભોગ આપતો sacrificed એના વખતમાં થઇ ગયેલા of his time; his contemporaries.

31 ઘણી નાની ઉંમરે when he was a mere boy. કઠોર વસ્તુઓ stern realities મહેનતુ જીંદગી a labouring life નિભાવવું to maintain તે મતલબને માટે for that purpose મહેનતાણું wages, ઉઘાડે માથે bareheaded ઉઘાડે પગે barefooted કંગાળમાં કંગાળ પ્રકારના most wretched ચપળ active સતેજ smart, agile. હલકા હૃદયનો light-hearted રોજીંદા કામે to do his daily work આપોઆપ spontaneously યંત્રનો શોખ a liking for machines. નવરો free from work. ચમત્કારિક wonderful. હીલચાલો movements. નિરખવું to observe. આનંદ માનવો to take delight (in) આતુર curious,

inquisitive. તેના......લાગતી to his curious mind the machine seemed to be one of the wonders of the world. એકી નજરે fixedly, with fixed eyes. જીવતી ચીજ an animate object. આદર યુક્ત ધાસ્તી awe mingled with respect; reverential awe. ઉભું કર્યું invented. ધંધા......ખુશી થયો He was pleased to see what a vast change had been effected in the domains of trades and professions and in the happiness of the world.

32 રાની wild હું......હતો I was five hundred miles off the nearest European settlement વસાયત a settlement; a habitation ટોળે થયા crowded, thronged કબુલ કરવું to admit. ચૈતન્ય life કિસ્મત Fate નક્કી થયેલું sealed મારે......ન હતો there was no other alternative. ધર્મના......આવ્યો I was helped and protected by the strength of religion દુરંદેશી કે અગમચેતી far sightedness or foresight હાલનાં સંકટો present hardships રક્ષણ કરતી આંખ તળે under the protecting care. મોરથી......સૌંદર્ય The extraordinary beauty of a small plant blooming with blossoms caught my eyes inevitably. અસાધારણ uncommon અનિવાર્ય રીતે inevitably આવી થોડી અગત્યની દેખાતી ચીજ such a seemingly insignificant thing એોતાડો distant and solitary; out of the way વાવવું to plant પાણી પાવું to water સંપૂર્ણતાએ આણી brought to perfection છબી......પ્રાણીઓનાં creatures created in His own image. બેપરવાઇથી indifferently.

33 પ્રખ્યાત જીતનારાઓમાં among the conquerors of distinction. ઘણું ઉંચું સ્થાન લેશે will occupy a very high place ચારિત્ર character. કારકીર્દી career. ઘડી moulded. મધ્ય એશિયા Central Asia આભાસ માત્રનો વારસો only a shadow of inheritance બહોળા પ્રદેશોનો સ્વામી lord of extensive regions. તેનો ......હતો he was a jolly-natured man વિશ્વાસુ credulous આશાવંત optimistic જેમના......કરતો he managed to win the love of all he came into contact with. બુજ કરવી to appreciate જમાનો an age. તે થઈ ગયો he flourished અસાધારણ તેવી હદ સુધી to a remarkable extent અપૂર્વ wonderful ખીલવવું to cultlvate; to develop. ભભકદાર brilliant. કલ્પના શક્તિ the power of imagination. તેને બક્ષવામાં આવી હતી he was gifted with શાંતિ સમય the time of peace. જાતિઓ tribes. શ્રેયસ્કારક ઉપાય યોજવા to adopt beneficial measures બાગકામ gardening શિલ્પ sculpture તે કાંઇ... નહોતો he was a poet of no mean order. તેના ચારિત્રનું... હતું the most outstanding feature of his character was that તેને સારી રીતે ઓળખનારા એક જણે one of those who knew him well. આરોપણ કરવું to attribute to. દયાવૃત્તિ the feeling of mercy અગ્રેસરપણું ભોગવતા હતા predominated. જોકે......જીવ્યો હતો though he did not live long enough to consolidate, he lived long enough to make conquests થાળે પાડવું to consolidate છતાં......હોય the work of conquest would scarcely have been entrusted to saintlier hands.

34 પ્રાચીન કાયદા ઘડનારાઓ=ancient legislators કાનુનો ઘડયા=enacted or framed laws. જાતીય અને સામાજીક અંતરાય=racial and social barriers, પરસ્પર સહકાર્ય= mutual co-operation. અંગ=members. બુદ્ધિ વિષયક= intellectual. કુટુંબ કબીલો=family. જેમાં સમાવેશ હતો= including works pertaining to fine arts વસ્તુતઃ= truly. આભડછેટ=pollution. ની સાથે લાગતું વળગતું રહ્યું= had only to do with શિકાર=a victim.

35 વાંકીચુંકી વહે છે=flows in a zigzag manner. વાંક=a curve, ધોધ=a current, સહેજ=slow. નાની અડચણ= a trifling obstruction. કાંઠો ઘસી નાખવો=to wear away the bank. તેને લીધે આ વાંક થાય છે=this curve is due to *or* is formed by અડચણની પછાડી=behind the obstruction. ખેંચી જવાનો=to sweep away. આમાં...... કરશે=part of it will gather there. આવીરીતે નેમ...... થશે=once the curves have thus begun to be formed, they will tend to increase. બહારની બાજુએ=on the outer side. ઉભા ઢોળાવ વાળો=precipitous. સામાન્ય નીક=the main current. જે મેદાન......રહે છે=they are several feet higher than the common level of the plain through which the river flows.

36 કરોડો લોકો millions of people. શાકાહારી vegetarians તેઓના......બેસે છે They, therefore, have to spend very little after their food હાજતો necessities; requirements; wants સંતોષ પમાડી શકાય છે. can be satisfied. એનો અર્થ એ કે it means that ખોટી શ્રમ

પ્રેરણા the wrong incentive to labour પ્રવર્તે છે prevails. અસલી ઢબનો old-fashioned સાંકડા......આકાર વાળો shaped somewhat like an acute angle. ખૂણાની...... મઢેલો છે is shod with steel on the point of the angle ઓજાર instruments. ખેતરમાં......આવે છે is drawn across the field. છાછરી ચાસ shallow furrows. બીયાં નાંખે છે sows the seeds. પાક ઉગાડવાને for crops પોતાના બાપદાદાઓ......વાપરે છે He uses exactly the same type of plough-share as his forefathers used hundreds of years ago. વરસાદ સારો આવે if it rains to his satisfaction પોતાને......ઉગાડશે will produce exactly as much food as will suffice for the maintenance of himself and his family. સાહસ enterprising nature શોધન શક્તિ inventiveness. કામે લગાડવું to make use of ઉત્તેજન impetus રૂઢિ custom ચુસ્ત રીતે strictly, firmly વળગી રહેવું to adhere to લોકોનો મોટો જથ્થો a majority of people આબાદી અને આપદા prosperity and adversity તેમના અખત્યારની બહાર beyond their power. ઈશ્વરાધીન in the hands of God. નસીબવાદી fatalistic, લગ્નના ઉત્સવો marriage festivals મરણની ક્રિયાઓ funeral ceremonies; obsequious rites કરજ કરવું to incur debt. પેઢીઓ સુધી for generations. બોજો નાંખવો to impose a burden.

37 ઉતરીને dismounting દરવાન a door-keeper. રોક્યો prevented him from entering. એક હડસેલો મારી with a push. ફેંકી......હતો was on the point of throwing him aside. ગુસ્સો rage. સોનાવતી by means

of gold. નરમ પાડ્યો pacified; appeased. સોનાના પ્રસાદથી by the gift of gold. મહેતાઓ clerks; accountants. પાન સોપારી bribe. માંહેનો ઓરડો the inner apartment જાહેર કીધું informed. કાફુરનું......પારખી Kafur had become very greedy by constantly receiving bribes and scented money in Biharilal. થોડીવાર સબુર કરવાનું to wait for a while. આગળથી ભણાવી મૂક્યો હતો was tutored beforehand. માથા ઉપરથી off the head. લાંબો થઇ stretching himself at his full length; lying prostrate ખણખણાટ clinking; tinkling; jingling કાને પડતો fell on his ears. તે ઈંદ્રિય દ્વારા through that sense. તેના......થતી his heart was touched.

38 નો આધાર હોવો to depend upon. નીતિએ......બસ it is enough if we lead a moral life બેશક undoubtedly. નિંદવા લાયક censurable; reprehensible. હોઈ શકેજ નહિ is not possible ઉભી કરેલી નથી has not originated જગતનો નિયંતા God; the Lord of the Universe. શ્રદ્ધા રાખવી to have faith in વળી સત્ય...આવે છે It is only through religion that one begins to believe firmly in the success of truth and the defeat of falsehood. હજારો.........પહોંચે life may extend to a thousand years. જે સત્યનો...છોડું I shall never deviate from the path of truth મનનું બળ mental strength આવી શકતુંજ નથી it is not possible to have નો આશરો લેવો to resort to, to betake oneself to. બલ્કે rather. મનુષ્ય જાતિ mankind, humanity ધાર્મિકપણું piety ઉત્પન્ન થવું to originate.

39 પુરૂષ વેષે in the guise of a man; in male attire. ઘોડા ઉપર બેસીને on horse-back. તરફનો રસ્તો the way leading to ધોરી રસ્તો the royal road; the main road. આડે અવળે ઠેકાણેથી by devious paths. વાસો કરવો to stay. રસોઈ પાણી કરી taking her meals ઘોર અને બીહામણું dense and dreadful ખરે બપોરે at mid-day; in broad daylight તડકો......નહિ the rays of the sun could not penetrate આગળ પાછળ on all sides પવનથી ......હાલતાં the leaves of trees swayed in the breeze and rustled.

40 શહેર......નહીં he could not get to the end of the city. ટીખળી jocund. ક્યાંનો ક્યાં......કરે that poor foreigner might wander and wander and yet would not find his destination મુત્સદી a statesman ઠાઠ ભર્યો રસાલો A pompous paraphernalia. સાંજ પડવા આવી it was sunset. પત્તો લાગ્યો નહીં he could not find out the whereabouts of ઉતારો=the house at which he had put up. થાકીને લોથ થઈ જઈ completely tired; dead exhausted; spent up.

41 કસોટી=a test, an ordeal. કસાવું=to undergo; to pass through. અને ન......હતું=he did not like to be social, *or* to mix in society. ગેરફાયદા સાથે= Besides these impediments *or* these adverse circumstances. કોઇની પણ સોબત કર્યા વિના=companion-less જાગૃતિ અને નવાઈની લાગણી=the sense of animation and novelty શાંત પડી ગયા પછી=after the cessation of. તેના સમજવામાં આવી=he realised, comprehended.

મોજમજાહ=pleasures, enjoyments. હાથ ખર્ચી=pocket-money. ગલ્લી=a lane. લાભકારક નીવડવું=to prove beneficial આનંદદાયક=of pleasant memory. તેની શરૂઆત અહિંથી થઈ હતી=here commenced.

42 વખત......છે Time, how vindictive and cruel thou art! અરેરે alas! ખીલેલા......સરખું like a full-blown lotus આરસ......ઓવારા those bathing-ghats shining like marble માણેક......સરાહ that Muglisarai brilliant like a square studded with rubies. નંગમાળ......નાણાવટ that market of money-lenders pleasing like a garland of pearls. ચાંદ......ચૌટું that market brilliant like the moon. રસે......ચકલો the street of Rahiya Goldsmith red like the preparation of opium બામદાદ...ભાગોળ the Buhranpuri Gate charming as the dawn, ગોકુળ...ગોપીપરૂં Gopipura merry *or* gay as Gokul. નથી મળતા કંદ......ફળ nor do we get fruits, roots, etc. જળ પીને રહીએ છીએ live on water ધાતુપાત્ર a metal-vessel સમ ખાવાને...પણ નથી we have not so much as an untorn garment in our house. અન્નરસ food. ઠંડીથી થરથરતાં shivering with cold. પડી ગઈ છે have fallen down. ફાટી તુટી torn and ragged. સાદડી a mat અંગ્રેજી છંદ the English metre ઉતારવું to introduce વ્યર્થ નીવડવું to turn out futile. પ્રાણભૂત તત્ત્વ vital elements. મૂળગત ભેદ radical difference ઉત્તરોક્ત the latter. સર્વને અનુભવગમ્ય છે all know by experience. હસનીય ridiculous.

43 પ્રાણી......દયા કરો Show pity to all the creatures considering them all alike. ધાર્મિક pious અવલંબન support. તમારા......દાવો If you are treated cruelly, return mercy for cruelty. સુગંધી fragrance. ગૃહકાર્ય......કાઢીને setting apart a little time from household duties. વિવેકભર્યો polite. પ્રીતિયુક્ત loving મનુષ્ય......કરે Man being absorbed in sensual pleasures does innumerable sinful and immoral deeds અનાદર કરવો to reject, to dismiss પરમાર્થ બુદ્ધિ sense of doing another's good. અક્ષય્ય સુખ everlasting happiness. પાપરૂપ sinful, wicked. પાપ બુદ્ધિના માણસો irreligious men.

44 આશાએ આશાએ દહાડા કહાડે છે passes his days in hope. તે તેમનો રોટલો છે it is the mainstay of their life; it is on hope that they subsist એમ કહીએ તોપણ ચાલે it is not wrong if we say that વિજય મેળવવા......આશા it is hope that urges brave men to conquest. ટકાવી રાખવું to keep up. પિતા......મળેલી inherited from his father.

45 વાસણ ખખડતાં there was a storm in the tea-cup. કંઈક ખટરાગ some bad blood. તપીને અથવા કોહલુંકસાણું in excitement or with a wry face. અબોલા લઈને with their mouths muzzled up. સૌનાં હાંજા ગગડી જતા all shook in their shoes; all shuddered and quivered. નાનકડો પ્રસંગ a small episode. સ્મૃતિમાં તરી રહ્યો છે is floating before my

memory. પડાવ નાખીને પડેલી લશ્કરી છાવણી a military regiment that had encamped. ખળભળાટ commotion. આગેવાની નીચે under the leadership of. સરઘસની જેમ like a procession. મારી શોધમાં in quest of me. પરાક્રમ an exploit. સ્વાગત કરવું to receive.

46 ની સામે કામ ચલાવવું to prosecute. આપખુદીથી autocratically. જોખમમાં નાંખવું to jeopardise; to endanger. જુલમ tyranny. જીદ અને આપખુદ અમલ pertinacity and despotism. સુલેહશાન્તિનું સંરક્ષણ the preservation of peace and order. સામાન્ય બુદ્ધિનો માણસ a sane man. તરાપ મારવી to encroach upon. વખોડી કાઢવું to deprecate. વિરોધ કરવો to protest. પદભ્રષ્ટ કરવું to depose; to dethrone. જન્મસિદ્ધ હક્ક a birthright.

47 કારીગરી crafts ઝીણી હકીકતો the minutest details. સ્થાપત્ય architecture. નો સાક્ષાત્કાર હોવો to be an incarnation of. મુત્સદ્દી a statesman; a diplomat. આકાંક્ષાઓ aspirations. સમ્રાટને છાજે તેવી befitting an emperor.

48 બર્ક Burke. મગજ ખસી ગયાં the minds were unhinged. તેનું મગજ ઠેકાણે રહ્યું નહિ he could not preserve the equilibrium of his mind. આંખની કીકી the apple of his eye. હૃદયનો હાર the darling of his heart. આફત a calamity; a catastrophe. વારસો આપવો to bequeath. હૃદયભેદક heart-rending. મર્મવેધક pathetic; piercing the vitals. હું વિપર્યસ્ત થયો છું I live in an inverted order. પૂર્વે ચાલ્યા જવું to precede.

આગામિની પ્રજા posterity પૂર્વજો ancestors; predecessors. આશ્રિતો dependants. સમૂળો નાશ થયો છે torn up by the roots. પડેલો છું am lying prostrate નિરાધાર સ્થિતિમાં in a helpless predicament.

49 ગુંથાયલું absorbed; engaged. લંબાણુથી in detail.

50 વારાફેરા ups and downs. ભીડ a rush. નો કાળ ગયો Time had been when......ગોઝારા જેવુ dreadful-looking. જીર્ણોદ્ધાર થવો to be repaired. લીલોતરી green grass લીલ moss. લુણો લાગ્યો હતો were mouldering. થાળાં basins ગંધાતાં stinking વેરાયલા scattered. શ્રદ્ધાળુ pious ઘુમટ the dome પેસાડી દીધી હતી had penetrated. પ્રાચીન આચાર ancient customs.